

અરે આત્માઓ ! તમે સાધારણ છો એમ ન માનો ! જેને પૂર્ણ દશા પ્રગટી ગઈ છે એવા સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે અરે જીવો ! તમે મારી નાતના ને જાતના પૂર્ણ પ્રભુ છો તેને તમે ઊણા કે હીણા ન માનો, અંતરમાં પૂરણ પ્રભુ છો એમ માનો !

—પૂજ્ય ગુરુદેવ

કહાન સંવત-૭ □ (૫૨૮) ❋ આત્મધર્મ ❋ (અંક-૪ વર્ષ-૪૪) □ વીર સં. ૨૫૧૩ ઓકટોબર, ૧૯૮૭

## વીરનિર્વાણદિન પ્રસંગે....

પ્રશ્ન:—આજે વીરનિર્વાણદિનપ્રસંગે કૃપા કરી બે શબ્દ કહો.

ઉત્તર:—શ્રી મહાવીર તીર્થાધિનાથ આત્માના પૂર્ણ અલૌકિક આનંદમાં અને કેવળજ્ઞાનમાં પરિણમતા હતા. આજે તેમણે સિદ્ધદશા પ્રાપ્ત કરી. ચૈતન્યશરીરી ભગવાન આજે પૂર્ણ અકંપ થઈને અયોગીપદને પામ્યા, ચૈતન્યગોળો છૂટો પડી ગયો, પોતે પૂર્ણ ચિદ્રૂપ થઈ ચૈતન્યબિંબરૂપે સિદ્ધાલયમાં બિરાજી ગયા; હવે સદાય સમાધિસુખાદિ અનંત ગુણોમાં પરિણમ્યા કરશે. આજે ભરતક્ષેત્રમાંથી ત્રિલોકીનાથ ચાલ્યા ગયા, તીર્થંકરભગવાનનો વિયોગ થયો. વીરપ્રભુના આજે વિરહ પડ્યા. ઇંદ્રોએ ઉપરથી ઊતરીને આજે નિર્વાણમહોત્સવ ઊજવ્યો. દેવોએ ઊજવેલો તે નિર્વાણ-કલ્યાણકમહોત્સવ કેવો દિવ્ય હશે? તેને અનુસરીને હજુ પણ લોકો દર વર્ષે દિવાળીદિને દીપમાળા પ્રગટાવીને દીપોત્સવી-મહોત્સવ ઊજવે છે.

આજે વીરપ્રભુ મોક્ષ પધાર્યા. ગણધરદેવ શ્રી ગૌતમસ્વામી તરત જ અંતરમાં ઊંડા ઊતરી ગયા અને વીતરાગદશા પ્રાપ્ત કરી કેવળજ્ઞાનને પામ્યા. આત્માના સ્વક્ષેત્રમાં રહીને લોકાલોકને જાણનારું આશ્ચર્યકારક સ્વપરપ્રકાશક પ્રત્યક્ષજ્ઞાન તેમને પ્રગટ થયું, આત્માના અસંખ્ય પ્રદેશોમાં આનંદાદિ અનંત ગુણોની અનંત પૂર્ણ પર્યાયો પ્રકાશી નીકળી.

અત્યારે આ પંચમ કાળે ભરતક્ષેત્રમાં તીર્થંકરભગવાનના વિરહ છે, કેવળજ્ઞાની પણ નથી. મહાવિદેહક્ષેત્રમાં કદી તીર્થંકરનો વિરહ પડતો નથી, સદાય ધર્મકાળ વર્તે છે. આજે પણ ત્યાં

[ અનુસંધાન માટે જુઓ પાનું નં. ૧૫ ]

કહાન
સંવત-૭
વર્ષ-૪૪
અંક-૪
[ ૫૨૮ ]




વીર
સંવત
૨૫૧૩
A. D. 1987
OCTO.

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## ✻ અકર્તૃત્વસ્વભાવી જ્ઞાયકને જાણ ✻

卐

આચાર્યદેવે ૩૧૯મી ગાથામાં કહ્યું કે ધર્મી શુભાશુભ કર્મબંધને તથા કર્મફળને કેવળ જાણે જ છે; ત્યારે વિચારક જિજ્ઞાસુ શિષ્યને પ્રશ્ન થયો કે નીચલી ભૂમિકામાં તો જ્ઞાનીને રાગ અને રાગનું ફળ પર્યાયમાં હોય છે છતાં આપે એને અકારક-અવેદક કહ્યો તે કઈ રીતે? તેનાં ઉત્તરમાં આચાર્યદેવ દષ્ટાંતપૂર્વક અહીં સમજાવે છે કે જેમ આંખ અગ્નિને સળગાવતી નથી કે લોખંડના ગોળાની જેમ આંખ ઉષ્ણતાને ભોગવતી નથી, માત્ર દશ્ય પદાર્થને દેખવારૂપ સંબંધ છે પણ કરવા ભોગવવારૂપ સંબંધ નથી, તેમ આત્મા પણ પોતાના જાણવા-દેખવાના સ્વભાવને લીધે, પોતાથી અત્યંત ભિન્નપણાને લીધે રાગાદિને જાણે જ છે, પરંતુ કરતો-ભોગવતો નથી, બંધને કે મોક્ષને પણ કરતો નથી. કેમ કે તે કાળે તે પર્યાય થવાની જ છે તે થાય છે. થાય જ છે તેને કરવી એટલે શું? જે થાય જ છે અથવા તો તે કાળે જે પર્યાય છે જ તેને કરવી એટલે શું? દ્રવ્યદષ્ટિ થવાથી ભાવ નામના ગુણને લીધે નિર્મળ

પરિણતિ તે તે કાળે થાય છે તો તેને કરવી શુ? જે છે તેને માત્ર જાણે જ છે. અરે! નિર્જરાને જાણનાર પર્યાયને પણ કયાં કરવી છે? જાણવાની પર્યાય પણ તે કાળે સત્ છે, તે તે સમયે જાણવાની પર્યાય છે જ, જે છે જ તેને કરવી શું? જાણવાની તે કાળે તે પર્યાય એ રીતે જ છે, તેને પણ કરવી નથી! આહાહા! અકર્તાપણાની ઉત્કૃષ્ટ વાત અહીં કરી છે.

[શ્રી સમયસાર ગાથા–૩૨૦ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી]

હવે શિષ્ય પૂછે છે એટલે કે ૩૧૯મી ગાથામાં જ્ઞાની અકારક–અવેદક કહ્યો તેથી જિજ્ઞાસાથી પૂછે છે કે ધર્મી કરતો ભોગવતો નથી એ કઈ રીતે? તેને અહીં ઉત્તર દેવામાં આવે છે. શિષ્યને જાણવાની જિજ્ઞાસા થઈ છે તેને દૃષ્ટાંતપૂર્વક સમજાવે છે:—

જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!
જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦.

જેવી રીતે આ જગતમાં નેત્ર છે, એમ કહેતાં જગત છે—એમ સિદ્ધ કર્યું. તે જેને–દૃશ્ય પદાર્થને દેખે છે, તેનાથી અત્યંત ભિન્ન છે. દરેક દૃશ્યપદાર્થથી આંખ તદ્દન ભિન્ન હોવાથી નેત્ર દૃશ્ય પદાર્થને કરતું નથી ને વેદતું નથી. જો નેત્ર દૃશ્ય પદાર્થને કરે ને વેદે તો અગ્નિને દેખવાથી, અગ્નિને સળગાવનાર પદાર્થની જેમ આંખને અગ્નિને સળગાવવાપણું ને લોખંડનો ગોળો જેમ ઉષ્ણ થઈ જાય તેમ આંખને ઉષ્ણપણાનો અનુભવ દુર્નિવાર થાય એટલે કે જો આંખ દૃશ્ય પદાર્થને કરે ને વેદે તો સંધુકણની જેમ આંખ વડે અગ્નિ થવી જોઈએ ને અગ્નિની ઉષ્ણતાને વેદવી જોઈએ. પરંતુ આંખ અગ્નિને સળગાવતી પણ નથી ને ઉષ્ણપણાને વેદતી પણ નથી. આંખને ને દૃશ્ય પદાર્થને દેખવારૂપ સંબંધ છે ખરો, પણ દૃશ્ય પદાર્થને કરવા–ભોગવવાનો સંબંધ નથી. માટે નેત્ર દેખવાયોગ્ય પદાર્થને કરતું કે વેદતું નથી.

તેવી રીતે જ્ઞાન એટલે કે આત્મા પણ પોતે નેત્રની માફક પરને દેખનાર છે. જે કાળે જે ચીજ છે તે કાળે તે ચીજને જેમ આંખ દેખે છે તેમ જ્ઞાન તેને જાણે છે. જ્ઞાન એટલે કે આત્માને પરને દેખવાનો સંબંધ છે, પરંતુ પરથી અત્યંત ભિન્નપણાને લીધે જે ચીજને દેખે છે તેને કરતો નથી; રાગ કર્મ આદિને કરતો નથી.

નિશ્ચયથી જીવ કર્મના ઉદયને દેખે પણ દેખવાના સંબંધથી કર્મના ઉદયને કરતો કે વેદતો નથી. કર્મના ઉદયને જાણવા માત્રનો સંબંધ છે પણ એ સિવાય તેને કરવાનો સંબંધ છે જ નહિ. ભગવાન તો કેવળ જાણવાના સ્વભાવવાળો છે. તેથી આખી દુનિયાને

દેખે. કથંચિત્ જ્ઞાતા ને કથંચિત્ કર્તા એમ છે જ નહિ. કેવળ જ્ઞાતા જ છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી હોવાથી તે કર્મોદયને બંધને ને રાગને જાણે પણ રાગને કે બંધને કરતો નથી. બંધ થાય તેને પરજ્ઞેય તરીકે જાણે, પણ કરે નહિ. જ્ઞાનમાત્ર કહેતાં રાગને કરે નહિ, માત્ર જાણે.

નજીકની ચીજ જે કર્મ તેના ઉદયને જાણે પણ કરે નહિ. તો પરને કરે એ વાત ક્યાં રહી? જાણનાર જ્ઞાનીને મોક્ષમાર્ગની પર્યાય છે તેને તે જાણે છે, પણ તેને તે કરતો નથી. પોતે પોતાને જાણે તે નિશ્ચય, પણ બહુ આઘુ લઈ જઈએ તો પરને જાણે; કરે તો નહિ જ. અને પરને જાણે તે વ્યવહાર છે.

બંધને કરતો નથી ને મોક્ષને પણ કરતો નથી. કેમ કે તે કાળે તે પર્યાય થવાની જ છે તે થાય છે, થાય જ છે તેને કરવી એટલે શું? જે થાય છે અથવા જે છે જ, તો જે છે તેને કરવું શું? જાણનારને મોક્ષની પર્યાય છે, તો છે તેને કરવી શું? દ્રવ્યદૃષ્ટિ થવાથી ભાવનામના ગુણને લીધે નિર્મળ પરિણતિ થાય જ છે, તે તે કાળે તે પર્યાય થાય જ છે અથવા છે જ અથવા તે સત્ છે જ તો તે સત્‌ને કરે શું? જે કાળે જે પર્યાય થાય છે તેને કરે એ તો વિરોધ થઈ ગયો. છે તેને જાણે. કર્મનો ઉદય છે, તેને જાણે છે. ઉદયને ને નિર્જરાને આત્મા કરતો નથી, જાણે છે. તે સમયે કર્મનું ખરવું, અશુદ્ધતાનું ગળવું ને શુદ્ધતાનું વધવું એવી ત્રણે પ્રકારની નિર્જરા તે સમયમાં છે જ, છે તેને કરે શું? છે તેને જાણે છે.

જે સમયે જે પદાર્થની જે પર્યાય ત્યાં છે તો જે છે તેને કરે શું? તે સમયે શુદ્ધતાનું વધવારૂપ નિર્જરા છે તેને પણ કરતો નથી. નિર્જરાના ત્રણ પ્રકાર છે પણ ખરો પ્રકાર તો શુદ્ધતાનું વધવું તે છે. એ નિર્જરા તે સમયે છે તો તેને કરે શું? જે નિર્જરા ઊપજે છે, જે ઊપજે છે તેની હયાતી તો છે, જેની હયાતી છે તેને કરવું શું?

મોક્ષની પર્યાય પણ તેના કાળે ક્રમબદ્ધપણે થાય જ છે તો તેને કરવું શું? છે તેને જાણે જ. જેમ ત્રિકાળી આત્મા સત્ છે, સત છે તેને કરવું શું? તેમ તે તે કાળની તે પર્યાય સત્ છે, સત્ છે તેને કરવું શું? તે કાળે તે પર્યાય છે તેને કરવું શું?

આ તો સર્વ વિશુદ્ધજ્ઞાન અધિકાર છે ને! જાણવાની પર્યાય પણ નિર્જરાને ને મોક્ષને જાણે છે તેમ કહ્યું છતાં મોક્ષને ને નિર્જરાને જાણવાની પર્યાય પણ તે કાળે જ છે. છતાં એટલું કહ્યું કે પરને જાણે છે. ખરેખર તો જાણવાની તે કાળે તે પર્યાય એ રીતે જ છે, પર છે તો જાણે છે એમ પણ નથી. ક્રમસર થતી પર્યાયને જાણે તે જાણવાની પર્યાય પણ તે કાળે છે જ.

રાગ થાય છે તેને તે તે કાળે જાણવાનું કાર્ય પોતાનું સ્વતંત્ર ઉત્પન્ન થાય છે.

ખરેખર તો જાણવાની પર્યાય પણ કરવી નથી. જાણવાની પર્યાય પણ સત્ તે કાળે છે, તેને જાણે છે, કરતો નથી. પોતાની નિર્જરાની પર્યાયને પણ કરે નહિ, માત્ર જાણે તો પરના કાર્યને કરે કે પલટાવે એ ક્યાં રહ્યું? તે તે સમયે તેનું સત્ છે તેને કરવું શું? તે તે સમયે તેનું સત્ છે તેને જાણે, બસ જાણે એટલું કહેવું છે. અનંતી પર્યાય એક સમય ઉત્પન્ન થાય છે તેમાં એક પર્યાયને બીજી પર્યાયની પણ અપેક્ષા નથી.

શ્રી યોગીન્દ્રદેવ તો કહે છે કે જિનવરદેવ એમ કહે છે કે પરમાર્થે જીવ ઉપજતો પણ નથી ને મરતો પણ નથી અને બંધ મોક્ષને પણ કરતો નથી. આત્માનો જે સ્વભાવ છે તેના તરફ જ્યાં જાણવાનું લક્ષ થયું ત્યાં બધું છૂટી ગયું. પછી જે છે તેને જાણે. પછી નિર્જરા ને બંધ જે છે તેને તે કાળે જાણે જ છે. જાણવાની પર્યાયનો પણ તે કાળે તે પ્રકારે ઉત્પન્ન થવાનો તે કાળ હતો માટે થઈ છે.

યોગીન્દ્રદેવે એમ કહ્યું કે બંધ મોક્ષને પણ કરતો નથી એકલો જ્ઞાનપ્રધાન આત્મા અનંતી પર્યાય થાય છે તેને ઉત્પન્ન કરતો નથી પણ તે કાળે અનંતી પર્યાય થાય છે તેને જાણે જ છે એમ કહ્યું છે.

—o—

એ જ્ઞાનની દિવ્યતા છે! એ જ્ઞાનસ્વભાવની અચિંત્યતા છે! કે જે પર્યાયો વિદ્યમાન નથી છતાં જ્ઞાન તેને વિદ્યમાનપણે જાણે છે; તો ચૈતન્ય મહાપ્રભુ તો વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે, તેને જ્ઞાન વિદ્યમાનરૂપે કેમ ન જાણે? વસ્તુ સત્ છે ને! વિદ્યમાન છે ને! તો એ મહાપ્રભુને તું વિદ્યમાનરૂપે જાણ ને! આહાહા! જેની હયાતી નથી તેને હયાત જાણે! તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ વર્તમાન વિદ્યમાન જ છે, હયાત જ છે, તેને જાણ ને! ભાઈ! તારી નજરની આળસે વિદ્યમાન પ્રભુને દેખવો રહી ગયો. જેમાં જ્ઞાન આનંદ આદિ ગુણોની અનંતતાનો અંત નથી એવો સચ્ચિદાનંદ પ્રભુ વિદ્યમાન જ છે તેને જાણ.

—પૂજ્ય ગુરુદેવ

## * જીવના સ્વભાવથી વિરુદ્ધ શુભાશુભભાવો જીવ જ નથી *

અહીં છ દૃષ્ટાંતો દ્વારા આસ્રવો ને આત્માનું ભેદજ્ઞાન કરાવે છે કે જેમ પીપળ આદિ વૃક્ષ ઘાત થવા લાયક છે ને તેની સાથે રહેલ લાખ તેનો ઘાત કરનાર છે. તેમ જીવ સાથે બંધાયેલા આસ્રવો ઘાતક છે ને જીવની નિર્મળ પર્યાય ઘાત થવા લાયક છે એટલે કે આસ્રવો જીવના સ્વભાવથી વિરુદ્ધ સ્વભાવવાળા હોવાથી તેઓ જીવ જ નથી. જેમ વાઈનો વેગ એકદમ વધે ને ઘટે તેમ ઘડીક દાન આદિ તીવ્ર શુભ રાગ થાય ને પછી ધીમે ધીમે એ શુભરાગ મંદ થઈ જાય છે એટલે કે આસ્રવો વધતા–ઘટતા હોવાથી અધ્રુવ છે અને જાણનાર–દેખનાર ચૈતન્ય પ્રભુ જ ધ્રુવ છે. જેમ ટાઢિયો તાવ ને ઊનો તાવ અનુક્રમે ઉત્પન્ન થાય છે તેમ શુભભાવ ને અશુભભાવ અનુક્રમે ઉત્પન્ન થનારા હોવાથી અનિત્ય છે ને વિજ્ઞાનઘન સ્વભાવી ભગવાન આત્મા જ નિત્ય છે. આહાહા! વીતરાગી સંતો તો વીતરાગ ભાવે જગતના જીવોને આસ્રવોને આત્માની ભિન્નતા સમજાવે છે કે જેમ કામસેવનમાં વીર્ય છૂટી જતાં તે જ ક્ષણે દારૂણ કામસંસ્કાર નાશ પામે છે, તેને રોકી રાખી શકાતો નથી તેમ કર્મનો ઉદય છૂટી જાય છે તે જ સમયે આસ્રવો નાશ પામી જતા હોવાથી તેઓ અશરણ છે ને સ્વંયરક્ષિત એવો આત્મા જ શરણસહિત છે. વળી ભગવાનની ભક્તિરૂપ શુભરાગ હો કે ધંધાદિનો અશુભ રાગ હો પણ તેઓ આકુળ સ્વભાવવાળા હોવાથી દુ:ખરૂપ છે ને સદાય નિરાકુળ સ્વભાવવાળો જીવ જ સુખરૂપ છે. તથા શુભાશુભ આસ્રવો ભવિષ્યમાં આકુળતા ઉત્પન્ન કરનારા હોવાથી દુ:ખફળરૂપ છે ને જીવ તો કર્મબંધનનો અહેતુ

હોવાથી દુઃખફળરૂપ નથી.—આ રીતે આસ્રવો ને આત્માનું ભેદજ્ઞાન કરતાં જેમ જેમ વિજ્ઞાનઘન સ્વભાવમાં એકાગ્ર થતો જાય છે તેમ તેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે; જ્ઞાન-સ્વભાવમાં એકાગ્રતા ને આસ્રવોની નિવૃત્તિ સમકાલીન છે.

[શ્રી સમયસાર ગાથા ૭૪ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી]

આત્માનું જ્ઞાન થાય ને આસ્રવોથી નિવર્તે અર્થાત્ આત્મામાં જ્ઞાનની એકાગ્રતા ને પુણ્ય-પાપના દુઃખરૂપ ભાવોથી નિવર્તવું તે બન્ને સમકાલીન છે? બન્નેનો એક જ કાળ કઈ રીતે છે?—એમ શિષ્યનો પ્રશ્ન છે. શિષ્ય ત્યાં સુધી તો આવ્યો છે કે પુણ્ય-પાપના આસ્રવોથી નિવર્તવા જેવું છે પણ તેનો પ્રશ્ન એ છે કે આત્મજ્ઞાન થવાનો ને આસ્રવોથી નિવર્તવાનો એક કાળ કઈ રીતે છે? તેનો અહીં ઉત્તર કહેવામાં આવે છે :—

આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,
એ દુઃખ, દુઃખફળ જાણીને એનાથી જીવ પાછો વળે. ૭૪.

## * વધ્ય-ઘાતક સ્વભાવપણું *

વૃક્ષ અને લાખની જેમ વધ્ય–ઘાતકસ્વભાવપણું હોવાથી એટલે કે વૃક્ષ છે તે વધ થવા લાયક છે ને લાખ છે તે ઘાતક છે. પીપળના ઝાડમાં લાખ થાય છે એ લાખ ઘાતક છે ને ઝાડ ઘાત થવા લાયક છે. તેમ શુભાશુભભાવ ઘાતક–ઘાત કરનારા છે ને ભગવાન આત્માની અવસ્થા ઘાત થવા લાયક છે. જેમ લાખ વૃક્ષ સાથે બંધાયેલ છે છતાં વૃક્ષનો સ્વભાવ નથી તેમ ભગવાન આત્માની સાથે પુણ્ય–પાપના ભાવ નિબદ્ધ છે, સંબંધવાળા છે, બંધાયેલા છે પણ તે આત્માનો સ્વભાવ નથી.

ભગવાન આત્મા આનંદનો નાથ શુદ્ધ આનંદકંદ વસ્તુ છે, તેની વર્તમાન પર્યાયમાં જે પુણ્ય–પાપના ભાવ છે તે વસ્તુનો સ્વભાવ નથી પણ તેઓ નિબદ્ધ છે, જીવ સાથે બંધાયેલા છે. પરંતુ અવિરુદ્ધ સ્વભાવપણાનો અભાવ હોવાથી એટલે કે જ્ઞાન–દર્શન આનંદ આદિ આત્માનો અવિરુદ્ધ સ્વભાવ છે ને પુણ્ય–પાપના ભાવમાં એ અવિરુદ્ધ સ્વભાવનો અભાવ છે.

શુભાશુભ ભાવ જીવની વર્તમાન નિર્મળ પર્યાયનો ઘાત કરનારા છે. એ શુભભાવને લાભદાયક માને તો એ મિથ્યાત્વ છે. વૃક્ષ ને લાખની જેમ પુણ્ય–પાપના ભાવમાં જીવના અવિરુદ્ધસ્વભાવનો અભાવ હોવાથી એ શુભાશુભ ભાવ તે જીવ જ નથી. જેમ લાખ છે તે પીપળ આદિ વૃક્ષ નથી, તેમ પુણ્ય–પાપના પરિણામ તે જીવ નથી.

પરની હિંસા કે દયા પાળી શકતો નથી પણ સ્વભાવથી જે વિરુદ્ધ છે એવા શુભાશુભભાવને પોતાના માની પોતાની હિંસા કરે છે કેમ કે ભગવાન આત્માને જે જ્ઞાન-આનંદ-શાન્તિ આદિ સાથે અવિરુદ્ધ સ્વભાવપણું છે તેનો શુભાશુભભાવમાં અભાવ છે, તેથી તે આત્મા જ નથી. લાખ જેમ ઝાડ નથી તેમ શુભ ને અશુભભાવ આત્મા જ નથી. શરીર આદિ તો કયાંય રહ્યા, પણ શુભ ને અશુભભાવ જીવ જ નથી. તેથી અજીવ છે કેમ કે ભગવાન આત્માના અવિરુદ્ધસ્વભાવ ભાવનો શુભાશુભમાં અભાવ છે. ભગવાનની ભક્તિનો ભાવ તે શુભભાવ છે. શુભભાવ છે તે જીવ નથી.

અરેરે! ત્રણલોકનો નાથ ભગવાન થઈને પોતે ભીખ માંગે છે કે મને પુણ્ય આપો, મોટાઈ આપો, માન આપો, પૈસા આપો. અહીં કહે છે કે જેમ લાખના નિમિત્તથી પીપળ આદિ વૃક્ષનો નાશ થાય છે માટે લાખ ઘાતક છે ને વૃક્ષ હણાવા યોગ્ય છે તેથી લાખ અને વૃક્ષનો સ્વભાવ એકબીજાથી વિરુદ્ધ છે માટે લાખ પોતે વૃક્ષ નથી. તેવી રીતે દયા-દાન-વ્રત આદિનો વિકલ્પ છે તે આસ્રવ છે એ લાખની માફક ઘાતક છે. આત્મા વધ્ય છે એટલે કે આત્માની પર્યાય ઘાત થવા લાયક છે. પુણ્ય-પાપનો ભાવ થતાં શાન્તિની પર્યાય થવા ન દીધી તેથી પુણ્ય-પાપનો ભાવ ઘાતક ને જીવની નિર્મળ પર્યાય ઘાત થવા લાયક છે. આ રીતે પુણ્ય-પાપનો સ્વભાવ જીવથી વિરુદ્ધ સ્વભાવ હોવાથી આસ્રવો પોતે જીવ જ નથી.

## * આસ્રવો અધ્રુવ છે. *

વળી આસ્રવો અધ્રુવ છે. પુણ્ય-પાપના ભાવો વાઈના વેગની જેમ વધતા-ઘટતા હોવાથી અધ્રુવ છે. વાઈના રોગનો વેગ એકદમ વધે ને ઘટે તેમ પુણ્ય ને પાપના ભાવો વધતા-ઘટતા હોવાથી અધ્રુવ છે, કાયમી રહેનારી ચીજ નથી. દાન આદિનો તીવ્ર શુભરાગ આવ્યો ને ધીમે ધીમે એ શુભરાગ ઘટવા લાગ્યો. હિંસા આદિનો તીવ્ર અશુભરાગ આવ્યો ને ધીમે ધીમે ઘટવા લાગ્યો. એ રીતે પુણ્ય-પાપના ભાવો વાઈની પેઠે વધે-ઘટે છે. કાયમ રહેનારા એકભાવ નથી, અધ્રુવ છે ને જાણનાર-દેખનાર ચૈતન્ય-પ્રભુ ધ્રુવ છે. આમ જાણીને આસ્રવોથી નિવર્તે છે.—આમ કહેવું છે. જ્ઞાયકભાવથી ભરેલો ચૈતન્યમાત્ર પ્રભુ ધ્રુવ છે ને આસ્રવો અધ્રુવ છે એમ ભેદજ્ઞાન કરીને ધ્રુવમાં જેટલો એકાગ્ર થાય છે એટલો અધ્રુવ એવા આસ્રવોથી નિવર્તે છે પહેલાં બોલમાં કહ્યું કે જેટલો અવિરુદ્ધ સ્વભાવમાં પ્રવર્તે છે એટલો વિરુદ્ધ એવા આસ્રવ ભાવોથી નિવર્તે છે.

## * આસ્રવો અનિત્ય છે *

હવે ત્રીજો બોલ કહે છે કે જેમ ટાઢિયો તાવ અને ઊનીયો તાવ એક પછી એક હોય તેમ આસ્રવો શીતદાહ જ્વરના આવેશની જેમ અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી અનિત્ય છે. પુણ્ય વખતે પાપ નથી ને પાપ વખતે પુણ્ય નથી તેથી આસ્રવો અનિત્ય

છે બીજા બોલમાં કહ્યું હતું કે શુભાશુભભાવો વધતા-ઘટતા થાય છે ને અહીં ત્રીજા બોલમાં કહે છે કે દયા-દાન આદિનો શુભભાવ પલટીને એકદમ અશુભભાવ આવે અને કામક્રોધ આદિનો અશુભભાવ પલટીને શુભ આવે છે. પુણ્યનો આવેશ આવ્યો ત્યારે પાપ નથી ને પાપનો આવેશ આવ્યો ત્યારે પુણ્ય નથી. તેથી અનુક્રમે ઉત્પન્ન થતાં હોવાથી આસ્રવો અનિત્ય છે. ભગવાન આત્મા વિજ્ઞાનઘન સ્વભાવ છે તેથી જીવ નિત્ય છે, એ રીતે નિત્ય એવા વિજ્ઞાનઘન સ્વભાવમાં જેટલો આવે છે એટલો અનિત્ય એવા આસ્રવોથી નિવર્તે છે ને જેટલો આસ્રવોથી નિવર્તે છે એટલો વિજ્ઞાનઘન સ્વભાવમાં સ્થિર થતો જાય છે. બન્નેમાં એક જ કાળ છે. ભગવાન આત્મામાં જામતો જાય છે એટલો આસ્રવોથી નિવર્તે છે ને જેટલો આસ્રવોથી નિવર્તે છે એટલો આત્મામાં જામતો જાય છે.

## * આસ્રવો અશરણ છે *

હવે ચોથો બોલ કહે છે કે જેમ કામસેવનમાં વીર્ય છૂટી જાય છે, એ રાખ્યું ન રહે, આહાહા! સંતો તો વીતરાગી છે. કહે છે કે જેમ વીર્ય છૂટી જાય તે જ ક્ષણે દારૂણ કામનો સંસ્કાર નાશ પામી જાય છે. તેમ કર્મોદય છૂટી જાય તે જ ક્ષણે આસ્રવો છૂટી જાય છે, કોઈથી રાખ્યા રાખી શકાતા નથી. કોઈ કહે કે ખૂબ શુભભાવ કરો, આત્માને શરણ થશે, તો કહે છે કે જેમ વીર્ય છૂટી જતાં દારૂણ કામના સંસ્કાર નાશ પામી જાય છે, કોઈથી રોકી રાખી શકતો નથી તેમ કર્મના ઉદયે શુભાશુભભાવ થયા છે તે કર્મનો ઉદય છૂટી જતાં આસ્રવો નાશ પામી જાય છે, કોઈથી રોકી રાખી શકાતા નથી માટે આસ્રવો અશરણ છે. ભગવાન આત્મા તો આપોઆપ રક્ષિત એવો સહજ ચિત્શક્તિરૂપ હોવાથી જીવ જ શરણસહિત છે. કાયમ ટકનારો ત્રિકાળ ચિત્શક્તિમાત્ર જીવ જ શરણસહિત છે.

## * આસ્રવો દુઃખરૂપ છે *

હવે પાંચમો બોલ કહે છે કે આસ્રવો એટલે કે શુભ–અશુભભાવ સદાય આકુળ સ્વભાવવાળા છે. ભગવાનની ભક્તિનો ભાવ પણ આકુળ–સ્વભાવવાળો છે તેથી તેઓ દુઃખરૂપ છે. આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા છે તેથી તેઓ દુઃખરૂપ છે. આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા છે તેથી શુભભાવ શુદ્ધતાનું કારણ કેમ હોય? સદાય નિરાકુળ સ્વાભાવવાળો જીવ જ સુખરૂપ છે. ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હોય પણ તે દુઃખરૂપ છે.

## * આસ્રવો દુઃખફળરૂપ છે *

આસ્રવો—શુભ ને અશુભભાવ ભવિષ્યકાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્ગલ પરિણામના હેતુ હોવાથી દુઃખફળરૂપ છે. આસ્રવથી પુદ્ગલપરિણામ બંધાશે ને તેના

ફળના સંયોગમાં રાગ–દ્વેષ થશે. તેથી આસ્રવો દુઃખફળરૂપ અર્થાત્ તેમનું ફળ દુઃખ છે. શુભ આસ્રવથી અનુકુળ સંયોગ ને અશુભ આસ્રવથી પ્રતિકૂળ સંયોગ ભવિષ્યમાં આવશે ને સંયોગના લક્ષે આકુળતા જ ઉત્પન્ન થશે. પ્રતિકૂળતાના સંયોગમાં લક્ષ જતાં દ્વેષ થશે ને અનુકૂળતાના સંયોગમાં લક્ષ જતાં રાગ થશે, એટલે કે દુઃખ થશે. શુભભાવ આગામી કાળમાં આકુળતા ઉત્પન્ન કરનારા પુણ્યબંધનો હેતુ–નિમિત્ત છે ને પુણ્ય–બંધના ફળમાં અનુકૂળ સંયોગો પ્રાપ્ત થતાં તેના લક્ષે દુઃખ થશે તેથી શુભભાવ દુઃખફળરૂપ છે. વર્તમાનમાં જે પુણ્ય–બંધન થાય તેનો હેતુ શુભભાવ છે ને તે પુણ્યકર્મનો ઉદય આવતા સંયોગના લક્ષે દુઃખ જ થશે. તેથી આસ્રવો વર્તમાન તો દુઃખરૂપ છે પણ તેના ફળમાં ભવિષ્યમાં પણ દુઃખ આવશે, આનંદ નહિ આવે. જીવ જ સમસ્ત પુદ્ગલ પરિણામનો અહેતુ છે એટલે કે કોઈ પણ કર્મબંધનો હેતુ જીવ નથી, તીર્થંકરગોત્ર બંધાય તેમાં જીવ હેતુ નથી. શુભભાવ હેતુ છે ને શુભભાવ તે જીવ નથી, જે જીવ છે તે સમસ્ત કર્મબંધનનો અહેતુ છે. આહારક શરીરની પ્રકૃતિ બંધાય તેનો જીવ અહેતુ છે. ૧૪૦ પ્રકૃતિનો જીવ અહેતુ છે. ગાથા ૧૦૫ માં પણ કહ્યું છે કે ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત નથી. જેનો સ્વભાવ જ્ઞાતાદૃષ્ટા છે એવો જીવ પુદ્ગલ કર્મનું નિમિત્ત થાય જ નહિ. આહાહા! આ તો ધીમેથી ઓગાળવા જેવું છે. જીવ જ પુદ્ગલ–પરિણામનો અહેતુ હોવાથી અદુઃખફળ છે, દુઃખફળરૂપ નથી એટલે કે શુભભાવનું ફળ દુઃખ છે ને જીવનું ફળ ભવિષ્યમાં આનંદરૂપ છે. જીવ વર્તમાન આનંદરૂપ છે ને કોઈ પણ પુદ્ગલ કર્મપ્રકૃતિનો અહેતુ હોવાથી ભવિષ્યમાં પણ સુખફળરૂપ છે. આનંદના ભાવથી ભવિષ્યમાં આનંદ આવશે ને આસ્રવના ભાવથી ભવિષ્યમાં દુઃખ આવશે.

આમ આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાં વેંત જ એટલે કે ઉપર કહ્યા પ્રમાણે છ બોલથી આસ્રવોને આત્માનું ભેદજ્ઞાન થતાં વેંત જ જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે એવો તે આત્મા એટલે કે જેના કર્મના ફળ અભાવરૂપ થઈ ગયો છે એવો તે આત્મા એટલે કે જ્યાં ભગવાનનો પાક આવ્યો ત્યાં કર્મનો પાક છે જ નહિ એવો તે આત્મા, જેમ જથ્થાબંધ વાદળા વિખરાઈ જતાં સૂર્યનો પ્રકાશ અમર્યાદિત વિસ્તારમાં ફેલાઈ જાય છે તેમ સ્વભાવિકપણે શક્તિઓમાંથી વિકાસ પામતી ચિત્શક્તિ વડે જેમ જેમ સ્વભાવમાં એકાગ્ર થતો જાય છે, વિજ્ઞાનઘન થતો જાય છે તેમ તેમ આસ્રવોથી નિવર્તતો જાય છે. જ્ઞાનાનંદસ્વભાવ ખીલતો જાય છે તેમ તેમ આસ્રવોથી નિવર્તતો જાય છે અને જેમ જેમ આસ્રવોથી નિવર્તતો જાય છે તેમ તેમ વિજ્ઞાનઘન સ્વભાવ થતો જાય છે. જેટલો સમ્યક્ પ્રકારે એટલે કે ભાષામાં ધારી રાખ્યું હતું કે આસ્રવ આમ છે—એમ નહિ પણ યથાર્થપણે આસ્રવથી નિવર્તે છે તેટલો સમ્યક્ પ્રકારે વિજ્ઞાનઘન સ્વભાવ થાય છે. આ રીતે જ્ઞાનને ને આસ્રવોથી નિવૃત્તિને સમકાળપણું છે. —૦—

## 卐 હું એક જ્ઞાયક 卐

સ્વભાવથી જ હું જ્ઞાયક હોવાને લીધે સમસ્ત વિશ્વ સાથે મારે જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધ છે. પરંતુ આ જ્ઞેય ઇષ્ટ-અનિષ્ટ છે કે જ્ઞેયના લઈને જ્ઞાન થાય છે કે આ જ્ઞેય મારું ને હું તેનો સ્વામી એવો કોઈપણ પ્રકારનો સંબંધ નથી. જ્ઞાયકનો સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી લોકાલોક જાણે કે જ્ઞાયકમાં કોતરાઈ ગયા હોય એમ એક ક્ષણમાં જ જાણી લ્યે છે. આવા જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધને લીધે એકી સાથે અનંતા જ્ઞેયોને અનંતપણે જાણવા છતાં જ્ઞાયક તો સદાય જ્ઞાયકપણે જ એકરૂપપણે જ રહ્યો છે. અનાદિથી તો જ્ઞાયક તો જ્ઞાયક ભાવે જ રહ્યો છે, પણ મિથ્યાત્વને લઈને અન્યથા મનાય રહ્યો છે. તેથી એ મિથ્યાત્વને મૂળથી ઉખેડીને સ્વ-ભાવથી જ જ્ઞાયક એવા આત્મતત્ત્વના જ્ઞાનપૂર્વક શુદ્ધાત્મામાં-પ્રવર્તવા સિવાય અન્ય કાંઈ કરવા યોગ્ય નથી.

[ શ્રી પ્રવચનસાર ગાથા-૨૦૦ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આચાર્ય મહારાજ અહીં જ્ઞેય-અધિકાર પૂરો કરે છે. જ્ઞેય અધિકાર એ દર્શન અધિકાર છે. તે અહીં પૂરો કરતાં થકા 'હું સામ્યને પ્રાપ્ત કરું છું' એવી પાંચમી ગાથામાં કરેલી પૂર્વ પ્રતિજ્ઞાનો નિર્વાહ કરતાં થકા પોતે પણ મોક્ષમાર્ગભૂત શુદ્ધાત્મ પ્રવૃત્તિ કરે છે.

એ રીત તેથી આત્મને જ્ઞાયકસ્વભાવી જાણીને,
નિર્મમપણે રહી સ્થિત આ પરિવર્જું છું હું મમત્વને. ૨૦૦.

આચાર્યદેવ કહે છે કે હું આ મોક્ષાધિકારી! અમૃતચંદ્રાચાર્યદેવ તો ભગવાન પાસે ગયા પણ ન હતાં છતાં આમ કહે છે?-કે પોતાના ભગવાન પાસે ગયા હતા ને! તેથી કહે છે હું આ મોક્ષાધિકારી! હું મોક્ષનો અધિકારી છું. જ્ઞાયકસ્વભાવી આત્મતત્ત્વના

પરિજ્ઞાનપૂર્વક એટલે કે જેવો જ્ઞાયકસ્વભાવ ભગવાન આત્મા છે તેને આત્મજ્ઞાનપૂર્વક મમત્વના ત્યાગરૂપ—પરદ્રવ્યનો ત્યાગ ન કહ્યો કેમ કે પરદ્રવ્ય તો પોતાની પર્યાયમાં છે જ નહીં તેથી પરદ્રવ્યો મારા છે એવી મમતાના ત્યાગરૂપ અને નિર્મમત્વના ગ્રહણરૂપ વિધિ વડે—આ વિધિ વડે સર્વ ઉદ્યમથી શુદ્ધાત્મામાં પ્રવર્તું છે. બીજું કાંઈ પણ કરવા યોગ્ય નથી.

પ્રથમ તો સ્વભાવથી હું જ્ઞાયક જ છું, મારો પ્રભુ જ્ઞાયક-સ્વભાવી છે, જાણનાર દેખનાર છે. હું કેવળ જ્ઞાયક જાણન-દેખન સ્વભાવી હોવાથી મારે વિશ્વના સમસ્ત પદાર્થ સાથે કેવળ જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધ છે. વિશ્વ જ્ઞેય છે ને હું જ્ઞાતા છું, વિશ્વ દૃશ્ય છે ને હું દૃષ્ટા છું. પર મારી ચીજ છે ને હું તેનો કર્તા છું એ વાત નથી, કેવળ જ્ઞેયજ્ઞાયક સંબંધ જ છે. સર્વજ્ઞદેવ પણ જ્ઞેય છે ને હું જ્ઞાયક છું એટલો જ સંબંધ છે.

પ્રથમ તો હું સ્વભાવથી જ જ્ઞાયક છું તેથી વિશ્વની સાથે પણ મારે સહજ જ્ઞેય-જ્ઞાયક સંબંધ જ છે. ત્રિલોકનાથ ભગવાન મારું જ્ઞેય ને હું જ્ઞાયક એવો સંબંધ છે, પણ એ મારા દેવ છે ને હું તેનો સેવક છું એવો સંબંધ નથી. આમાં અવિનય થાય છે?—કે ના, ના, એ જ સાચો વિનય છે. ભગવાન આત્માનું બહુમાન કરીને તેમાં એકાગ્ર થવું એ સાચો વિનય છે. દેવ-ગુરુનો વિનય તો ઉપચાર વિનય છે. આત્મા જ્ઞાન-દર્શન-ચારિત્ર સ્વરૂપ છે તેમાં એકાગ્ર થવું તે ધર્મ છે. દેવ-ગુરુનો વિનય તે પુણ્ય છે અને અજ્ઞાનીનો કુદેવનો વિનય તે પાપ છે.—એમ ત્રણ પ્રકારના વિનય છે. ત્રણ લોકના નાથ વિનય કરવા લાયક છે ને હું વિનય કરનારો છું એમ નહિ, પણ તેઓ જ્ઞેય છે ને હું જ્ઞાયક છું—આટલો સંબંધ છે એમ સ્વભાવમાં ઝૂલતાં-ઝૂલતાં આચાર્યદેવ કહે છે.

'મારે ને પરને સ્વસ્વામિ સંબંધ નથી. હું કર્તા છું ને પરદ્રવ્યની પર્યાય મારું કર્મ છે એવું નથી, પરદ્રવ્ય કર્તા ને મારા પરિણામ કર્મ છે એવું નથી. માત્ર-જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે. પરિણામ-પરિણામી સંબંધ પણ છે નહીં. વિકાર મારા પરિણામ ને હું પરિણામી એવો સંબંધ નથી, વિકાર જ્ઞેય ને હું જ્ઞાયક એવો સંબંધ છે. હું શ્રદ્ધા કરનારો ને ભગવાન શ્રદ્ધા કરવા લાયક એવો શ્રદ્ધા-શ્રદ્ધેય સંબંધ પણ નથી, પ્રમેય-પ્રમાણ એટલો વ્યવહાર સંબંધ છે. પરવસ્તુ પ્રમેય જાણવા લાયક ને હું જાણનાર પ્રમાણ એટલો ઉપચરિત વ્યવહાર સંબંધ છે. નિશ્ચયથી તો જ્ઞાતા હું, જ્ઞાન હું, ને જ્ઞેય હું; હું જાણનારો ને ભગવાન જ્ઞેય એ ઉપચરિત-વ્યવહાર છે.

મારામાં સ્વસ્વામિલક્ષણ સંબંધ નામનો ગુણ છે, તેથી મારી નિર્મળ પર્યાયનો હું સ્વામિ છું પરંતુ પર સાથે મારે સ્વસ્વામિલક્ષણ આદિ સંબંધો નથી. તેથી મારે

કોઈ પ્રત્યે મમત્વ નથી. દેવ-ગુરુ પણ મારા છે એમ મમત્વ નથી, હું તો સર્વત્ર નિર્મમત્વ જ છું. મારે કોઈ સાથે સ્વસ્વામિલક્ષણ આદિ સંબંધો નથી, તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી.

આહાહા! આ તો દિવ્યધ્વનિનો સાર છે. કહે છે કે મારે તો સર્વત્ર નિર્મમત્વ જ છે.

જ્ઞાયકસ્વભાવનો સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી, ક્રમે પ્રવર્તતા અનંત અર્થાત્ અનંત દ્રવ્યોની ક્રમેક્રમે પ્રવર્તતી, અનંત, ભૂત, વર્તમાન-ભાવિ વિચિત્ર પર્યાયસમૂહ એટલે કે ક્ષણમાં હરણને ફાડવાની પર્યાય ને ક્ષણમાં સમ્યગ્દર્શન પર્યાય, એવી વિચિત્ર પર્યાયોવાળા અગાધ સ્વભાવ અને ગંભીર એવા સમસ્ત દ્રવ્યમાત્રને એક ક્ષણમાં જ શુદ્ધ આત્મા પ્રત્યક્ષ કરે છે—કેવી રીતે જાણે છે?—કે જાણે કે તે દ્રવ્યો જ્ઞાયકમાં કોતરાઈ ગયા હોય, લોકાલોક જાણે કે જ્ઞાયકમાં ચીતરાઈ ગયા હોય, એક સમયની જાણવાની પર્યાયમાં ત્રણકાળ, ત્રણલોકના પર્યાયો જાણે ખોડાઈ ગયા હોય, ડૂબી ગયા હોય, જ્ઞાનમાં જાણે કે સમાઈ ગયા હોય.

લોકાલોક જાણે કે જ્ઞાનમાં પ્રતિબિંબિત થયા હોય એમ એક ક્ષણમાં જ શુદ્ધ આત્મા પ્રત્યક્ષ કરે છે. ભવિષ્યની પર્યાય થઈ નથી તેને પણ જ્ઞાનમાં પ્રત્યક્ષ કરે છે. આહાહા! જ્ઞાનનો કોઈ અદ્ભૂત મહિમા છે.

જ્ઞેય-જ્ઞાયક સંબંધની અનિવાર્યતાને લીધે જ્ઞેય-જ્ઞાયકને ભિન્ન પાડવા અશક્ય હોવાથી કે જ્ઞેયો-જ્ઞાયકમાં ન જણાય એમ કરવું અશક્ય હોવાથી સમસ્ત વિશ્વને જાણવા છતાં જ્ઞાયક છે તે એકરૂપતાને છોડતો નથી. અનાદિથી જ્ઞાયક જ્ઞાયકપણે જ રહ્યો છે. પર્યાયમાં જ્ઞાયક જણાય ત્યારે જ્ઞાયક જ્ઞાયકપણે રહ્યો છે એમ નહીં પણ દ્રવ્ય તો અનાદિનું જ્ઞાયકભાવે જ રહ્યું છે. મોહવડે મિથ્યાત્વને લઈને હું રાગી છું ઇત્યાદિ અન્ય રીતે મનાય છે. તોપણ વસ્તુ તો વસ્તુ જ છે, જ્ઞાયક તો જ્ઞાયક ભાવે જ રહ્યો છે.

પ્રભુ! તું જ્ઞાયકસ્વભાવી વસ્તુ છો, અનાદિ એવો ને એવો જ જ્ઞાયકપણે જ રહ્યો છો, પણ મોહને લઈને હું રાગી છું ઇત્યાદિ અન્યથા કલ્પીને તને અન્યથા માની રહ્યો છો. વસ્તુ તો ત્રિકાળ નિવારણ જ છે. અનાદિ સંસારથી આ જ સ્થિતિએ એટલે કે જ્ઞાયકપણે જ શુદ્ધ આત્મા રહ્યો છે, મોહને લઈને જે બીજી રીતે મનાય છે, તે મોહને મૂળથી ઊખેડી નાખીને, અતિ નિષ્કંપ રહેતો થકો શુદ્ધ આત્માને જેવો છે તેવો જ પ્રાપ્ત કરું છું—એમ આચાર્યદેવ કહે છે.

[ ભગવાન મહાવીરનો............પૃષ્ઠ ૨ થી ચાલુ ]

ભિન્ન ભિન્ન વિભાગમાં એક એક તીર્થંકર થઈને વીશ તીર્થંકર વિદ્યમાન છે. હાલમાં વિદેહક્ષેત્રમાં પુષ્કલાવતીવિજયમાં શ્રી સીમંધરનાથ વિચરી રહ્યા છે અને સમવસરણમાં બિરાજી દિવ્ય-ધ્વનિના ધોધ વરસાવી રહ્યા છે. એ રીતે અન્ય વિભાગોમાં અન્ય તીર્થંકરભગવંતો વિચરી રહ્યા છે.

જોકે વીરભગવાન નિર્વાણ પધાર્યા છે તોપણ આ પંચમ કાળમાં આ ભરતક્ષેત્રે વીરભગવાનનું શાસન પ્રવર્તી રહ્યું છે, તેમનો ઉપકાર વર્તી રહ્યો છે. વીરપ્રભુના શાસનમાં અનેક સમર્થ આચાર્યભગવંતો થયા જેમણે વીરભગવાનની વાણીનાં રહસ્યને વિધવિધ પ્રકારે શાસ્ત્રોમાં ભરી દીધાં છે. શ્રી કુંદકુંદાદિ સમર્થ આચાર્યભગવંતોએ દિવ્યધ્વનિનાં ઊંડાં રહસ્યોથી ભરપૂર પરમાગમો રચી મુક્તિનો માર્ગ અદ્ભુત રીતે પ્રકાશ્યો છે.

હાલમાં શ્રી કહાનગુરુદેવ શાસ્ત્રોનાં સૂક્ષ્મ રહસ્યો ખોલીને મુક્તિનો માર્ગ સ્પષ્ટ રીતે સમજાવી રહ્યા છે. તેઓશ્રીએ પોતાનાં સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા તત્ત્વ પ્રકાશી ભારતને જાગ્રત કર્યું છે. ગુરુદેવનો-અમાપ ઉપકાર છે. આ કાળે આવા માર્ગ સમજાવનાર ગુરુદેવ મળ્યા તે અહોભાગ્ય છે. સાતિશય ગુણરત્નોથી ભરપૂર ગુરુદેવનો મહિમા અને તેમનાં ચરણકમળની ભક્તિ અહોનિશ અંતરમાં રહો. ૪૩૨.

"બહેનશ્રીનાં વચનામૃત" ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી

'પ્રશ્ન:—આજે વીરનિર્વાણદિનપ્રસંગે કૃપા કરી બે શબ્દ કહો.'

દિવાળી, જેમનું શાસન હાલ પ્રવર્તી રહ્યું છે તે ચોવીસમા મહાવીર ભગવાનના મોક્ષકલ્યાણકનો પાવન દિવસ છે. તે દિવસે કોઈએ પ્રશ્ન પૂછ્યો હશે.

'ઉત્તર:—'

આસો વદ ચૌદશની પાછલી રાત્રે આ ભરતક્ષેત્રના અંતિમ તીર્થંકર શ્રી મહાવીર ભગવાન પાવાપુરીથી સમશ્રેણીએ મોક્ષ પધાર્યા, ને આસો વદ અમાસની વહેલી પ્રભાતે

સ્વર્ગલોકમાંથી આવીને ઇંદ્રો અને દેવોએ નિર્વાણકલ્યાણક—મહોત્સવ ઊજવ્યો. તે ઉત્સવના પ્રતીકરૂપે લોકો તે દિવસે 'દીપાવલીપર્વ' ઊજવે છે.

**'શ્રી મહાવીર તીર્થાધિનાથ આત્માના પૂર્ણ અલૌકિક આનંદમાં અને કેવળજ્ઞાનમાં પરિણમતા હતા.'**

મહાવીરનો જીવ પૂર્વે પુરૂરવા નામનો ભીલ હતો. તે ભવમાંથી તેનો સુધારો થવા માંડયો હતો. વચ્ચે બીજા ઘણા ભવ કર્યા હતા. અંતિમ ભવે ભરતક્ષેત્રના મગધદેશની કુંડલપુરીમાં સિદ્ધાર્થરાજાની રાણી ત્રિશલાદેવીની કૂખે ચોવીસમા તીર્થંકરરૂપે અવતાર લીધો હતો. પુરૂરવા ભીલોનો રાજા હતો. વનમાં મુનિ ધ્યાનસ્થ બેઠા હતા. દૂરથી તેમને મૃગ જાણીને પુરૂરવા બાણ છોડવાની તૈયારીમાં હતો ત્યાં તેની પત્નીએ કહ્યું: આ તો મહાન સંત છે, કોઈ મુનિરાજ છે. ભીલે બાણ મૂકી દીધું ને મુનિરાજ પાસે જઈને ભક્તિથી વંદન કર્યું. મુનિરાજનો ઉપદેશ સાંભળીને મદ્ય, માંસ ને મધુનું ત્યાગવ્રત લીધું; તે શુભભાવ હતો, ધર્મ નહોતો. ત્યાંથી તેના સુધારની શરૂઆત થઈ. ત્યાંથી મરીને સ્વર્ગમાં દેવ થાય છે, ત્યાર પછી ક્રમે અનેક ભવ કરીને સિંહનો ભવ કરે છે. આ ભવ 'મહાવીર' થવા પહેલાંનો દસમો ભવ છે. એક વાર તે હરણને ફાડી ખાતો હતો ત્યારે આકાશમાંથી બે ચારણઋદ્ધિધારી મુનિવરો ઊતરે છે અને સિંહને સંબોધન કરે છે: 'હે વનરાજ! તું આ શું કરે છે? અમે તો ભગવાન પાસે સાંભળ્યું છે કે—તું દસમા ભવે મહાવીર તીર્થંકર થવાનો છે. નરકગતિમાં લઈ જનારી આવી ઘોર હિંસા તને શોભે? સચ્ચિદાનંદ પ્રભુ તારો આત્મા અંદર બિરાજે છે તેને, અંતરમાં દૃષ્ટિ કરીને, ગ્રહણ કર! તેની અનુભૂતિ કર! સમ્યક્ત્વ પ્રગટ કરવાનો તારો અવસર આવી ગયો છે.' અહા, જુઓ! અંદર ઉપાદાન તૈયાર થાય છે ત્યાં કુદરતે નિમિત્તનો યોગ કેવો થઈ જાય છે! મુનિરાજની ભાષા કેવી હશે? ભાષા ગમે તે જાતની હોય પણ સિંહ ભાવ બરાબર સમજી ગયો. ઉપદેશ સાંભળીને સિંહની આંખોમાંથી આંસુની ધારા વહી જાય છે. અંતર્મુખ દૃષ્ટિ કરીને તે વખતે સિંહ સમ્યગ્દર્શન ને નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિ પામી જાય છે. અરે! હજી તો પંજા નીચે મારી નાખેલું હરણ પડયું છે, પેટમાં પણ માંસ પડયું છે—એવી સ્થિતિમાં પણ જીવ, એ બધાંથી પોતાની પરિણતિ પાછી વાળીને, અંતરના પુરુષાર્થ વડે સાધનાનું કામ કેવું સાધી લે છે! અહા! અંતરની પાત્રતા હોય ત્યાં નિમિત્તોનો યોગ સહજ બની જાય છે. નિમિત્તો મેળવવા પડતાં નથી ને નિમિત્તથી કામ થતું પણ નથી. સિંહની પોતાની ઉપાદાનભૂત તૈયારી થઈ ત્યાં આકાશમાંથી અઘોર જંગલમાં મુનિવરો ઊતર્યા અને કહ્યું કે—હે મૃગરાજ! તું અંદર ભગવાન છો, જિનસ્વરૂપ છો.

ઘટ ઘટ અંતર જિન બસે, ઘટ ઘટ અંતર જૈન;
મતિમદિરાકે પાનસોં, મતવાલા સમુઝૈ ન.

જિન સોહી હૈ આતમા, અન્ય હોઈ સો કર્મ;
કર્મ કટે સો જિનવચન, તત્ત્વજ્ઞાનીકોં મર્મ.

—પ્રભુ ! તું જિન છો ને ! વીતરાગમૂર્તિ ભગવાન છો ને !—એટલું સાંભળતાં સિંહ અંદરમાં ઊતરી ગયો અને સમ્યગ્દર્શન પામી ગયો. આંખમાં આંસુની ધારા વહે છે અને અંતરમાં અશુદ્ધતાની ધારા અંશે ચાલી જાય છે—નષ્ટ થાય છે અને સ્વાનુભૂતિયુક્ત શુદ્ધતાની ધારા ચાલુ થાય છે. સાધનાની અતૂટ ધારા રાખીને મહાવીરનો જીવ સિંહપર્યાય છોડી, વચ્ચે દેવ-મનુષ્યના પાંચ ભવ કરીને ધાતકીખંડના પૂર્વ વિદેહ-ક્ષેત્રમાં ચક્રવર્તી થાય છે. ત્યાર પછી પૂર્વે ત્રીજા ભવમાં જંબૂદ્વીપમાં નંદ રાજા થાય છે, મુનિપણું લઈ તીર્થંકર નામકર્મ બાંધે છે. ત્યાંથી ૧૬મા સ્વર્ગમાં અચ્યુતેન્દ્રપણે ૨૨ સાગરનું આયુષ્ય પૂર્ણ કરીને જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં મગધદેશની કુંડલપુરીના રાજા સિદ્ધાર્થની ત્રિશલારાણીની કૂખે, અષાઢ સુદ છઠના દિને, આવે છે. ઇંદ્રો અને દેવો ગર્ભકલ્યાણકનો મોટો ઉત્સવ ઊજવે છે. ચૈત્ર સુદ ૧૩ના દિને જન્મ-કલ્યાણક, ત્રીશ વર્ષની ઉંમરે માગશર વદ ૧૦ (ગુજરાતી કારતક વદ ૧૦) ના દિને તપ-કલ્યાણક, સાડા બાર વર્ષની તપસાધના પછી વૈશાખ સુદ ૧૦ના દિને કેવળજ્ઞાનકલ્યાણક અને ત્રીશ વર્ષ સુધી દિવ્યધ્વનિ દ્વારા શાસનપ્રવર્તન પછી ૭૨ વર્ષની ઉંમરે આસો વદ ૧૪ની પાછલી રાત્રે નિર્વાણકલ્યાણક—એ પાંચેય કલ્યાણકો ઇંદ્રો અને દેવોએ સ્વર્ગમાંથી મધ્યલોકમાં આવીને અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવ્યાં હતાં. આસો વદ અમાસના દિને વીરનિર્વાણની જે મોટી ઊજવણી થઈ તે દીપાવલીના વાર્ષિક દિવસે કોઈએ બેનને પૂછ્યું છે : આજે વીરનિર્વાણદિનપ્રસંગે કૃપા કરી બે શબ્દ કહો. તેના જવાબમાં કહે છે કે—શ્રી મહાવીર તીર્થાધિનાથ આત્માના પૂર્ણ અલૌકિક આનંદમાં અને કેવળજ્ઞાનમાં પરિણમતા હતા.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થતાં ચોથે ગુણસ્થાને સિદ્ધની જાતિનો અતીન્દ્રિય અલૌકિક આનંદ પ્રગટે છે પણ તે બહુ અલ્પ છે, અને જ્યારે સાચું દિગંબર મુનિપણું પ્રગટે છે ત્યારે, અંતરમાં સ્વરૂપસ્થિરતા ખૂબ વધી ગઈ હોવાથી, તે અલૌકિક આનંદનું પ્રચુર સંવેદન હોય છે; તોપણ હજી આનંદ પૂર્ણ પ્રગટ થયો નથી. પૂર્ણ અલૌકિક આનંદ તો કેવળજ્ઞાનદશા—ચારેય ઘાતિકર્મનો ક્ષય થતાં અનંત ચતુષ્ટયરૂપ અરિહંતદશા—પ્રાપ્ત થાય ત્યારે પ્રગટે છે. ચોથે ગુણસ્થાને અંશે આનંદ, છઠ્ઠે-સાતમે પ્રચુર આનંદ, બારમે વીતરાગ-આનંદ, તેરમે ક્ષાયિક અનંત આનંદ ને સિદ્ધમાં ક્ષાયિક અવ્યાબાધ આનંદ હોય છે.

વીરપ્રભુ પૂર્ણ આનંદ પામ્યા પહેલાં આનંદના પ્રચુર સંવેદનસ્વરૂપ મુનિદશામાં હતા. અહા ! મુનિદશા કોને કહીએ ! જે અંતર્બાહ્ય નિર્ગ્રંથ સંત પરમશુદ્ધોપયોગભૂમિકાને

પ્રાપ્ત હોય તેમને મુનિ કહીએ. અત્યારે તો દિગંબર સાધુ થઈને એમ કહે છે કે—આ પંચમ કાળમાં શુદ્ધોપયોગ ન હોય, એકલો શુભોપયોગ જ હોય. અરે ભાઈ! સાધુ થઈને આ તું શું કહે છે? અત્યારે પંચમ કાળે જો એકલો શુભોપયોગ જ હોય તો શું ધર્મ નથી? ભગવાન કુંદકુંદાચાર્યદેવે તો 'પંચમ કાળે ધર્મધ્યાનરૂપ શુદ્ધોપયોગ હોય છે' એમ મોક્ષપ્રાભૃતમાં કહ્યું છે—

ભરતે દુષમકાળેય ધર્મધ્યાન મુનિને હોય છે;
તે હોય છે આત્મસ્થને; માને ન તે અજ્ઞાની છે.

પ્રવચનસારમાં કહ્યું છે: સાચા ભાવલિંગી આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ—બધા પરમશુદ્ધોપયોગભૂમિકાને પ્રાપ્ત હોય છે. ભૂમિકાનુસાર વ્રતાદિના વિકલ્પ આવે છે પણ તે હેયપણે વર્તે છે, તેને તેઓ વિશેષ સ્વરૂપસ્થિરતા વડે ઓળંગી જશે.

**'આજે તેમણે સિદ્ધદશા પ્રાપ્ત કરી.'**

વીરપ્રભુ, પ્રચુર આનંદના સંવેદનરૂપ પરમશુદ્ધોપયોગદશાને પ્રાપ્ત કરી, સાડા બાર વર્ષની ઉગ્ર સ્વરૂપસાધના પછી કેવળજ્ઞાન પામ્યા. પૂર્ણ આનંદ ને કેવળજ્ઞાન પરિણતિને પ્રાપ્ત વીરપ્રભુએ, દિવ્યધ્વનિ દ્વારા ત્રીસ વર્ષ સુધી ધર્મપ્રવર્તન થયા પછી, આજે—આસો વદ ચૌદશની પાછલી રાત્રિએ—સિદ્ધદશા પ્રગટ કરી. અરેરે! લોકોએ અત્યારે માર્ગમાં બહુ ગરબડ કરી નાખી છે. ત્રિલોકીનાથ સર્વજ્ઞ પરમાત્માનું દિવ્યધ્વનિમાં કથન છે કે—જ્યાં પરમાત્મદશા પ્રગટે છે ત્યાં આત્માના પૂર્ણ અલૌકિક આનંદ ને કેવળજ્ઞાનરૂપ પરિણમન હોય છે. એ કેવળજ્ઞાની પરમાત્માનો દેહદેદાર નગ્નદશારૂપ હોય છે, અરે! જે સાચા ભાવલિંગી સંત છે તેમને પણ વસ્ત્ર ન હોય તો કેવળી પરમાત્માને વસ્ત્ર ક્યાંથી હોય? વીરપ્રભુએ પ્રથમ પ્રચુર સ્વસંવેદનયુક્ત નગ્નદશારૂપ વીતરાગ મુનિપણું અંગીકૃત કર્યું, પછી પૂર્ણ અલૌકિક આત્મિક આનંદયુક્ત કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું, અને પછી આજે અશરીરી સિદ્ધદશા પ્રગટ કરી.

**'ચૈતન્યશરીરી ભગવાન આજે પૂર્ણ અકંપ થઈને અયોગીપદને પામ્યા, ચૈતન્યગોળો છૂટો પડી ગયો, પોતે પૂર્ણ ચિદ્રૂપ થઈ ચૈતન્યબિંબરૂપે સિદ્ધાલયમાં બિરાજી ગયા; હવે સદાય સમાધિસુખાદિ અનંત ગુણોમાં પરિણમ્યા કરશે.'**

ભગવાન આત્મા તો જ્ઞાનશરીરી છે, આ દૃશ્યમાન શરીર તો ધાનનું ઢીંગલું, જડ, અચેતન, માટી—ધૂળ છે, અરે! પુણ્યપાપના ભાવો છે તે પણ કાર્મણશરીરનો ફડફડાટ છે, આત્માનું સ્વરૂપ નથી. પૂર્ણાનંદ ને કેવળજ્ઞાનસ્વરૂપ ચૈતન્યશરીરી મહાવીરપ્રભુ આજે પૂર્ણ અકંપ થઈને અયોગીપદને—ચૌદમું ગુણસ્થાન—પામ્યા. अ, इ, उ, ऋ, ऌ—એ પાંચ હ્રસ્વ સ્વરના ઉચ્ચાર જેટલા સમય પછી તરત જ ચૈતન્યગોળો દેહથી છૂટો

પડીને તે જ સમયે, પાવાપુરીની સમશ્રેણીએ, તેમનો શુદ્ધાત્મા લોકના અગ્ર ભાગમાં સમવસ્થિત થઈ ગયો—પૂર્ણ અશરીરી ચિદ્રૂપ થઈને કેવળ ચૈતન્યબિંબરૂપે સિદ્ધાલયમાં બિરાજી ગયો; હવે ત્યાં સદાય—સાદિ-અનંત કાળ—સમાધિસુખાદિ અનંત ગુણોમાં પરિણમ્યા કરશે. શ્રીમદે 'અપૂર્વ અવસર'માં કહ્યું છે ને!—

પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો.—અપૂર્વ૦

સિદ્ધભગવાન સાદિ-અનંત કાળ શું કરે છે?—તો કહે છે: ક્ષાયિક અનંત સમાધિ, શાન્તિ, સુખ, જ્ઞાન, દર્શન, વીર્ય આદિ અનંત ગુણોની પરિપૂર્ણ પર્યાયે નિરંતર પરિણમ્યા કરે છે. અહીં સંસારમાં પણ જીવ બીજું શું કરી શકે છે? શું શરીર, વાણી કે સ્ત્રી-પુત્રનું કાંઈ કરી શકે છે? નહિ; માત્ર અસમાધિ, અશાન્તિ ને દુઃખ ઇત્યાદિરૂપે પરિણમ્યા કરે છે. વીરપ્રભુ હવે સાદિ-અનંત સમાધિસુખાદિ અનંત ગુણોની પૂર્ણ પર્યાયોરૂપે નિરંતર પરિણમ્યા કરશે.

**'આજે ભરતક્ષેત્રમાંથી ત્રિલોકીનાથ ચાલ્યા ગયા, તીર્થંકરભગવાનનો વિયોગ થયો, વીરપ્રભુના આજે વિરહ પડયા.'**

ઋષભદેવભગવાન કૈલાસ—અષ્ટાપદ—પર્વત પરથી મોક્ષ પધારે છે ત્યારે 'અરે! ભરતક્ષેત્રમાં સાક્ષાત્ ભગવાનના વિયોગ પડયા' એવા વિરહવેદનથી ભરતચક્રવર્તીનાં નેત્રોમાંથી અશ્રુધારા વહી જાય છે. સૌધર્મેન્દ્ર કહે છે: અરે મિત્ર ભરત! આ વિલાપ શાનો! તમે પણ ચરમશરીરી છો, આ જ ભવમાં ભગવાન જેવી જ મુક્તિને પામવાના છો. ભરત ખિન્ન હૃદયે કહે છે: હે ઇન્દ્ર! સાંભળ! અમને અમારી બધી ખબર છે, આ જ ભવમાં અમારો મોક્ષ નિશ્ચિત છે, છતાં પણ, અત્યારે અમારી ભૂમિકા એવી છે જેથી, ભગવાનના વિરહના વેદનરૂપ પ્રશસ્ત રાગ આવી જાય છે. ભગવાન પ્રત્યેનો ભાવ—એ પણ શુભ રાગ છે, ધર્મ નહિ, છતાં જ્યાં સુધી વીતરાગદશા ન થાય ત્યાં સુધી એવો પ્રશસ્ત રાગ સમકિતીને તો શું, મુનિને પણ આવ્યા વગર રહેતો નથી; પણ છે એ બંધનું કારણ; શુભાશુભ રહિત શુદ્ધભાવ તે એક જ મોક્ષનું કારણ છે. અહીં કહે છે: ત્રિલોકીનાથ વીરપ્રભુ ભરતક્ષેત્ર છોડી ચાલ્યા ગયા, તીર્થંકરસૂર્ય અસ્ત થઈ ગયો, સાક્ષાત્ અરિહંત તીર્થંકર પરમાત્માના વિરહ પડયા.

**'ઇંદ્રોએ ઉપરથી ઊતરીને આજ નિર્વાણમહોત્સવ ઊજવ્યો.'**

પહેલા સ્વર્ગનો ઇંદ્ર સૌધર્મેન્દ્ર અને તેની ઇંદ્રાણી શચી—બંને આત્મજ્ઞાની અને

એકાવતારી હોય છે. શચીનો જીવ દેવીની પર્યાયમાં ઊપજ્યો ત્યારે મિથ્યાદૃષ્ટિ હતો; કેમ કે સમ્યગ્દૃષ્ટિ જીવ સ્ત્રીપર્યાયમાં ઊપજે નહિ એવો આગમોક્ત નિયમ છે. સૌધર્મેન્દ્રને, પોતાના બે સાગરપ્રમાણ આયુષ્ય-કાળમાં, અસંખ્ય તીર્થંકરોનાં પંચકલ્યાણકો ઊજવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. બે સાગરમાં પાંચ ભરત ને પાંચ ઐરાવત ક્ષેત્ર વિષે અસંખ્ય તીર્થંકરો થાય નહિ, પણ પાંચ વિદેહમાં, ત્યાં તીર્થંકરોની ઉત્પત્તિનો પ્રવાહ અતૂટ હોવાથી, થાય છે. અહા! ૩૨ લાખ વિમાનની સાહેબીવાળો અને અસંખ્ય દેવોનો લાડીલો પહેલા સ્વર્ગનો સૌધર્મેન્દ્ર અને તેની સાથે બીજાં સ્વર્ગોના ઇન્દ્રો તથા અસંખ્ય દેવો વગેરેએ સ્વર્ગલોકમાંથી ઊતરીને આજે શ્રી મહાવીરપ્રભુનો નિર્વાણમહોત્સવ પાવાપુરીમાં ઊજવ્યો હતો.

'દેવોએ ઊજવેલો તે નિર્વાણકલ્યાણકમહોત્સવ કેવો દિવ્ય હશે!'

અહા! જેની ઊજવણી સ્વર્ગમાંથી આવીને દેવો અને ઇન્દ્રો કરે તે દૈવી મહોત્સવની દિવ્યતાની તો શી વાત!

'તેને અનુસરીને હજુ પણ લોકો દર વર્ષે દિવાળીદિને દીપમાળા પ્રગટાવીને દીપોત્સવીમહોત્સવ ઊજવે છે.'

દેવોએ ઊજવેલ મહાવીર-નિર્વાણમહોત્સવને અનુસરીને હજુ પણ લોકોમાં, દીપમાળા પ્રગટાવીને તથા ફટાકડા ફોડીને, દીપોત્સવમહોત્સવ ઊજવવાની પ્રથા ચાલુ છે.

'આજે વીરપ્રભુ મોક્ષ પધાર્યા.'

૨૫૦૪ વર્ષ પૂર્વે આસો વદ અમાસની વહેલી પ્રભાતે એટલે કે આસો વદ ચૌદશની પાછલી રાતે આ ભરતક્ષેત્રના ચોવીસમા—ચરમ તીર્થંકર શ્રી મહાવીરભગવાન મગધદેશની પાવાપુરીથી મોક્ષ પધાર્યા.

'ગણધરદેવ શ્રી ગૌતમસ્વામી તરત જ અંતરમાં ઊંડા ઊતરી ગયા અને વીતરાગદશા પ્રાપ્ત કરી કેવળજ્ઞાનને પામ્યા.'

ગણધર શ્રી ગૌતમસ્વામી શુદ્ધોપયોગભૂમિકાને પ્રાપ્ત તો હતા જ. ભગવાનનો જ્યાં મોક્ષ થયો ત્યાં તરત જ તે અંતરમાં—સમકિતનું ધ્યેય એવા પૂર્ણાનંદ આદિ સામર્થ્ય-ભરપૂર જ્ઞાયક ધ્રુવ ધામમાં—સ્થિરતાપરિણતિએ ઊંડા ઊતરી ગયા ને તે જ દિવસે પૂર્ણ વીતરાગદશા પ્રાપ્ત કરીને કેવળજ્ઞાન પામ્યા.

'આત્માના સ્વક્ષેત્રમાં રહીને લોકાલોકને જાણનારું આશ્ચર્યકારક, સ્વપર-પ્રકાશક પ્રત્યક્ષજ્ઞાન તેમને પ્રગટ થયું, આત્માના અસંખ્ય પ્રદેશોમાં આનંદાદિ અનંત ગુણોની અનંત પૂર્ણ પર્યાયો પ્રકાશી નીકળી.'

સ્વપરનું યથાતથ પ્રકાશક સ્વાનુભૂતિ સહિત મતિશ્રુતજ્ઞાન તો તેમને પહેલેથી પ્રગટ થયું છે. આ તો પૂર્ણ જ્ઞાનની વાત છે. દ્રવ્ય અને ગુણે તો ભગવાન આત્મા ત્રણે કાળ પરિપૂર્ણ છે, પર્યાયમાં જે અધૂરાશ હતી તે વીતરાગતા ને કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં નીકળી ગઈ. આત્માનું સ્વક્ષેત્ર અસંખ્ય પ્રદેશી છે. તેમાં જ્ઞાન ને આનંદાદિ અનંત ગુણો રહેલા છે. અનંત ગુણોને રહેવા માટે અનંત પ્રદેશ હોવાની જરૂર નથી. આત્માના અસંખ્ય પ્રદેશોમાં એકસાથે રહેલા જ્ઞાન ને આનંદાદિ અનંત ગુણોની પ્રતિસમય થનારી અનંત પૂર્ણ પર્યાયો પ્રકાશી નીકળી. નીચે સમ્યગ્દર્શન થતાં 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ'—એ ન્યાયે સમ્યક્ત્વ, જ્ઞાન ને આનંદ આદિ સર્વ ગુણોની પર્યાયો પ્રકાશી નીકળી છે ખરી, પણ અંશે, અને વેદનમાં પણ થોડી; મુનિવરોને પણ પ્રગટી છે ખરી, પણ પ્રમાણમાં વિશેષ, અને વેદનમાં ઘણી પ્રચુર, અને કેવળીને તો અનંત ગુણોની અનંત પર્યાયો પ્રમાણમાં અને વેદનમાં પરિપૂર્ણપણે પ્રકાશી નીકળી છે. ગૌતમસ્વામીને, અંતરમાં ઊંડા ઊતરી જતાં, આત્માના સ્વક્ષેત્રમાં રહીને લોકાલોકને જાણનારું સ્વપરપ્રકાશક અદ્‌ભુત જ્ઞાન પ્રગટ થયું, આત્માના અસંખ્ય પ્રદેશોમાં અનંત ગુણોની અનંત પૂર્ણ પર્યાયો ખીલી નીકળી.

**'અત્યારે આ પંચમ કાળે ભરતક્ષેત્રમાં તીર્થંકરભગવાનના વિરહ છે, કેવળજ્ઞાની પણ નથી.'**

ભરતક્ષેત્રમાં અત્યારે પાંચમો આરો વર્તી રહ્યો છે; તીર્થંકર કે સામાન્ય કેવળી થાય એવો આ કાળે યોગ નથી.

**'મહાવિદેહક્ષેત્રમાં કદી તીર્થંકરનો વિરહ પડતો નથી, સદાય ધર્મકાળ વર્તે છે.'**

વિદેહક્ષેત્રમાં શ્રી સીમંધરસ્વામી વગેરે ૨૦ તીર્થંકરભગવંતો તો સદાય હોય છે. ત્યાં તીર્થંકરો ને કેવળીઓનો કદી વિરહ પડતો નથી, સદાય ધર્મકાળ પ્રવર્તે છે. કુદરતનો નિયમ છે કે—છ મહિના ને આઠ સમયમાં છસો આઠ જીવ નિયમથી મોક્ષ જાય. ભરતક્ષેત્રમાંથી આ કાળે કોઈ મોક્ષ જતું નથી, તો ક્યાંથી જાય છે?—વિદેહક્ષેત્રમાંથી. ત્યાં સદાય ધર્મકાળ વર્તે છે. આપણા પંડિતજીએ—બહેનશ્રી ચંપાબેનના ભાઈ હિંમતભાઈએ, જે સમવસરણસ્તુતિ બનાવી છે તેમાં, કહ્યું છે ને!—

> ધર્મકાળ અહો! વર્તે, ધર્મક્ષેત્ર વિદેહમાં,
> વીસ વીસ જહાં ગર્જે, ધોરી ધર્મપ્રવર્તકા.

**'આજે પણ ત્યાં ભિન્ન ભિન્ન વિભાગમાં એક એક તીર્થંકર થઈને વીશ તીર્થંકર વિદ્યમાન છે.'**

જંબૂદ્વીપ, ધાતકીખંડ અને પુષ્કરાર્ધદ્વીપ—એ અઢી દ્વીપ—૪૫ લાખ યોજન-

પ્રમાણ—મનુષ્યક્ષેત્ર છે. તેમાં કુલ પાંચ વિદેહક્ષેત્ર છે. પાંચ મેરુની પૂર્વ-પશ્ચિમ દિશાએ સ્થિત દરેક વિદેહક્ષેત્રના સોળ-સોળ 'વિજય' (દેશો) છે. એ રીતે વિદેહક્ષેત્રના કુલ ૧૬૦ વિભાગ છે. આજે પણ ત્યાં જુદા જુદા વિભાગમાં એક એક તીર્થંકર થઈને વીસ તીર્થંકર વિદ્યમાન છે. વિદેહક્ષેત્રમાં ૨૦ તીર્થંકર તો સદાય હોય છે; પણ કોઈ વખતે દરેક વિભાગમાં તીર્થંકર થાય તો એક સાથે કુલ ૧૬૦ તીર્થંકર પણ હોય છે.

**'હાલમાં વિદેહક્ષેત્રના પુષ્કલાવતીવિજયમાં શ્રી સીમંધરનાથ વિચરી રહ્યા છે અને સમવસરણમાં બિરાજી દિવ્યધ્વનિના ધોધ વરસાવી રહ્યા છે.'**

જંબૂદ્વીપના પૂર્વવિદેહક્ષેત્રના પુષ્કલાવતીવિજયમાં શ્રી સીમંધરભગવાન હાલમાં બિરાજે છે; પરમૌદારિક શરીર છે, ૫૦૦ ધનુષ (૨૦૦૦ હાથ) ઊંચું દેહમાન છે, એક કરોડ પૂર્વનું આયુષ્ય છે (૭૦ લાખ ને ૫૬ હજાર કરોડ વર્ષનું એક પૂર્વ થાય). કેવળજ્ઞાન આદિ અનંત ચતુષ્ટયના ધારક ભગવાન સમવસરણમાં બિરાજી દિવ્યધ્વનિના ધોધ વરસાવી રહ્યા છે. ભગવાનની ધર્મદેશના 'ૐ' કાર દિવ્યધ્વનિમય હોય છે, તેમને આપણા જેવી ક્રમે નીકળનારી ભાષા ન હોય, હોઠ બંધ હોય; આખા શરીરમાંથી 'ૐ' ધ્વનિનો મધુરો નાદ ઊઠે, ને તેમનો એવો અતિશય હોય છે જેથી સભાજનો સૌ પોતપોતાની ભાષામાં દેશનાનો ભાવ સમજી જાય.

ૐકાર ધુનિ સુનિ અર્થ ગણધર વિચારૈ,<br>
રચિ આગમ ઉપદિશૈ ભવિક જીવ સંશય નિવારૈ.

**'એ રીતે અન્ય વિભાગોમાં અન્ય તીર્થંકરભગવંતો વિચરી રહ્યા છે.'**

અરેરે! માણસને વિશ્વાસ ક્યાં છે? બીજા વિજયમાં પણ હાલ તીર્થંકર છે. શ્રી સીમંધર વગેરે વીસ નામવાળા તીર્થંકરભગવાન વિદેહક્ષેત્રમાં (કાળપ્રવાહમાં નવા નવા થઈને) સદાય હોય છે. જગતને વિષે ત્રણે કાળે ત્રણે લોકને (લોકાલોક સર્વને) જાણનાર સર્વજ્ઞ વીતરાગ આરહંત પરમાત્માનો કોઈ દી વિરહ હોય નહિ. જગતમાં જો 'જ્ઞેય' સદાય છે તો તેને પૂર્ણપણે જાણનાર અને જાણીને દિવ્યધ્વનિ દ્વારા બતાવનાર સશરીર પરમાત્મા પણ સદા હોય જ, તેનો વિરહ કદી હોઈ શકે નહિ. ભલે ભરતક્ષેત્રમાં હાલ તીર્થંકર નથી, પણ વિદેહક્ષેત્રમાં તો સદા હોય છે; કેમ કે ત્યાં સદા ધર્મકાળ વર્તે છે.

**'જોકે વીરભગવાન નિર્વાણ પધાર્યા છે તોપણ આ પંચમ કાળમાં આ ભરતક્ષેત્રે વીરભગવાનનું શાસન પ્રવર્તી રહ્યું છે, તેમનો ઉપકાર વર્તી રહ્યો છે.'**

વીરભગવાન અત્યારે 'ણમો સિદ્ધાણં'—અશરીરી સિદ્ધ પરમાત્માપણે લોકાગ્રે બિરાજે છે, તોપણ આ ભરતક્ષેત્રમાં હાલ તેમનું શાસન પ્રવર્તી રહ્યું છે.

**मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।**
**मगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्॥**

શાસનનાયક વીતરાગ સર્વજ્ઞ શ્રી મહાવીરભગવાનનો ઉપકાર અત્યારે આ ભરતક્ષેત્રમાં વર્તી રહ્યો છે.

**'વીરપ્રભુના શાસનમાં અનેક સમર્થ આચાર્યભગવંતો થયા જેમણે વીરભગવાનની વાણીનાં રહસ્યને વિધવિધ પ્રકારે શાસ્ત્રોમાં ભરી દીધાં છે.'**

મહાવીરભગવાનના શાસનમાં અનેક જ્ઞાન-તપ-ઋદ્ધિધારી સમર્થ દિગંબર સંતો—આચાર્યભગવંતો થયા. બે હજાર વર્ષ પહેલાં સનાતન દિગંબર જૈનના શ્રમણધર્મથી ભ્રષ્ટ થઈને વસ્ત્રપાત્રધારી જે બીજો પંથ નીકળ્યો છે તે ખરેખર વીરપ્રભુનો માર્ગ નથી. સૂત્રપાહુડમાં ભગવત્કુંદકુંદાચાર્યદેવે તેમને ઉન્માર્ગી કહ્યા છે:—

નહિ વસ્ત્રધર સિદ્ધિ લહે, તે હોય તીર્થંકર ભલે;
બસ નગ્ન મુક્તિમાર્ગ છે, બાકી બધા ઉન્માર્ગ છે.

સાચા ભાવલિંગી આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ તો શુદ્ધોપયોગભૂમિકાને પ્રાપ્ત હોય છે. ષટ્ખંડાગમની ધવલા ટીકામાં 'णमो लोए सव्व साहूणं' માં જે 'लोए' અને 'सव्व' શબ્દ છે તે અંતદીપક હોવાથી આગળના ચારેય પદમાં લાગુ પડે છે—એમ કહ્યું છે. અને તેની ટીકા કરતાં કહ્યું છે: લોકને વિષે ત્રિકાળવર્તી સર્વ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓને નમસ્કાર હો. શ્રેણિકરાજા ભાવી-તીર્થંકર છે, અત્યારે ૮૪૦૦૦ વર્ષની સ્થિતિએ પહેલી નરકમાં છે. ત્યાંથી નીકળીને જંબૂદ્વીપના આ ભરતક્ષેત્રની આવતી ચોવીસીના પહેલા તીર્થંકર થવાના છે. તેમના ભાવી અરિહંતપણાને અત્યારથી નમસ્કાર થઈ શકે છે.

વીરપ્રભુના શાસનમાં શુદ્ધોપયોગભૂમિકાને પ્રાપ્ત અનેક મહાસમર્થ આચાર્યભગવંતો થયા, જેમણે વીરભગવાનની વાણીનાં રહસ્યને વિધવિધ પ્રકારે અનેક શાસ્ત્રોમાં ભરી દીધાં છે.

**'શ્રી કુંદકુંદાદિ સમર્થ આચાર્યભગવંતોએ દિવ્યધ્વનિનાં ઊંડાં રહસ્યોથી ભરપૂર પરમાગમો રચી મુક્તિનો માર્ગ અદ્ભુત રીતે પ્રકાશ્યો છે.'**

શ્રી કુંદકુંદની સાથે જે 'આદિ' શબ્દ છે તેમાંથી દિગંબર ભાવલિંગી સંતો લેવા, અન્ય વસ્ત્રપાત્રધારી નહિ. તેમણે તો, ભગવાનનું નામ આપીને, કલ્પિત શાસ્ત્રો રચ્યાં છે: મહાવીરભગવાનને બે બાપ ને બે મા, અર્જુનની પત્ની મહાસતી દ્રૌપદીને પાંચ પતિ વગેરે અનેક કલ્પિત વાતો લખી છે. એ માર્ગભ્રષ્ટ ગુરુઓને અને તે કલ્પિત

શાસ્ત્રોને માનવા તે ગૃહીતમિથ્યાત્વ છે. 'આદિ' શબ્દમાં શ્રી ઉમાસ્વામી, કાર્તિકસ્વામી, પૂજ્યપાદસ્વામી, સમન્તભદ્ર, નેમિચંદ્ર સિદ્ધાન્તચક્રવર્તી, અમૃતચંદ્ર, યોગીન્દુદેવ વગેરે દિગંબર આચાર્યભગવંતો લેવા. આભના થોભ જેવા એ સમર્થ આચાર્યભગવંતોએ વીરપ્રભુની વાણીના મર્મને વિધવિધ પ્રકારે શાસ્ત્રોમાં ભરીને મુક્તિનો માર્ગ અદ્ભુત રીતે પ્રકાશ્યો છે.

શ્રી કુંદકુંદાચાર્યદેવે વિક્રમશકના પ્રારંભમાં (સં. ૪૯માં) પૂર્વવિદેહક્ષેત્રે જઈને ભગવાન શ્રી સીમંધરસ્વામીનો દિવ્યધ્વનિ સાક્ષાત્ સાંભળ્યો હતો. ત્યાં આઠ દિવસ રહીને કેવળી-શ્રુતકેવળીના સત્સમાગમનો લાભ લીધો હતો. ત્યાંથી આવીને તેમણે આ સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાયસંગ્રહ, નિયમસાર, અષ્ટપ્રાભૃત વગેરે શાસ્ત્રો બનાવ્યાં છે. એ રીતે શ્રી કુંદકુંદાદિ સમર્થ દિગંબર સંતોએ વીરમુખોદ્ગત દિવ્યધ્વનિનાં ઊંડાં રહસ્યોથી ભરપૂર પરમાગમો રચી મોક્ષનો માર્ગ અદ્ભુત રીતે પ્રકાશ્યો છે.

છેલ્લા પેરેગ્રાફમાં બહેને પોતાનો (ગુરુદેવ પ્રત્યે) બહુમાનભર્યો વિનય કહ્યો છે. એ સૌએ પોતાની મેળે વાંચી લેવો.

[ છેલ્લા પેરેગ્રાફ પૂજ્ય બહેનશ્રીએ પરમકૃપાળુ પરમપૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે બહુમાનભર્યો જે અહોભાવ વ્યક્ત કર્યો છે તે આ પ્રમાણે છે : હાલમાં શ્રી કહાનગુરુદેવ શાસ્ત્રોનાં સૂક્ષ્મ રહસ્યો ખોલીને મુક્તિનો માર્ગ સ્પષ્ટ રીતે સમજાવી રહ્યા છે. તેઓશ્રીએ પોતાનાં સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા તત્ત્વ પ્રકાશી ભારતને જાગ્રત કર્યું છે. ગુરુદેવનો અમાપ ઉપકાર છે. આ કાળે આવા માર્ગ સમજાવનાર ગુરુદેવ મળ્યા તે અહોભાગ્ય છે. સાતિશય ગુણરત્નોથી ભરપૂર ગુરુદેવનો મહિમા અને તેમનાં ચરણકમળની ભક્તિ અહોનિશ અંતરમાં રહો. ]

—*—

* પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને હીરાથી વધાવવાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત થવાની ખુશાલીમાં—

રૂા. ૫૦૧૧/-શ્રી કાંતાબેન રતીલાલ પ્રાગજી મહેતા, ઉમરાવાળા

રૂા. ૪૦૧૧/-શ્રી ધુડીબાઈ ખેમરાજજી જૈન, ખૈરાગઢવાળા
(હસ્તે બ્ર. તારાબેન તથા મૈનાબેન, સોનગઢ)

રૂા. ૪૦૦૪/-સ્વ. હીરાચંદ ત્રિભોવનદાસ દામાણી તથા સ્વ. રંભાબેન હીરાચંદ દામાણી, હસ્તે તેમના સુપુત્રો

—તરફથી શ્રી નંદીશ્વરજિનાલય, શાસ્ત્રપ્રકાશન આદિ વિવિધ ખાતાઓમાં જાહેર કરવામાં આવ્યા છે. * * *

# પ્રત્યેક પરિણામનો કર્તા પરિણામી દ્રવ્ય

આ એક શ્લોકમાં આચાર્યદેવે સિદ્ધાંત સમજાવ્યો છે કે પ્રત્યેક દ્રવ્યના પરિણામ તે જ કાર્ય છે, તે પરિણામ પોતાના પરિણામીના આશ્રયે જ હોય. વળી તે કાર્ય કર્તા વિના હોતું નથી તેથી તે કાર્યનો કર્તા પરિણામી પોતે જ છે. અજ્ઞાનીને એમ લાગે કે અગ્નિના કારણે પાણી ઠંડી અવસ્થા છોડીને ઉષ્ણ થયું પરંતુ તેમ નથી, કેમ કે પ્રત્યેક દ્રવ્યની અવસ્થા એકરૂપ રહેતી નથી. તેથી ઠંડી અવસ્થા બીજે સમયે ઉષ્ણરૂપે થઈ તે તેનો જન્મક્ષણ હતો માટે ઉષ્ણ થઈ છે. તેવી રીતે જ્ઞાનની હીણી પર્યાય કર્મના લઈને થઈ નથી પરન્તુ અવસ્થા એકરૂપ ન રહેતી હોવાને કારણે જીવે કર્તા થઈને તે પરિણામ કર્યા છે.

[ શ્રી કળશટીકા કળશ ૨૧૧ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

ખરેખર પરિણમન છે તે નિશ્ચયથી કર્મ છે. પુદ્ગલના રજકણો જ્ઞાનાવરણાદિરૂપે થાય છે તે પરિણમન તેનું કર્મ છે. રાગના પરિણામ જીવ કરે છે, તે પરિણામ જીવનું કર્મ–કાર્ય છે. જે સમયે રાગાદિ થયા તે જ સમયે પુદ્ગલના પરિણામ કર્મરૂપે થયા તે પુદ્ગલનું કાર્ય છે, આત્માનું નહિ. ઇચ્છા કરી તે આત્માનું કાર્ય અથવા તો તેનું જ્ઞાન કરે તે આત્માનું કાર્ય છે. પરંતુ તે સમયે શરીરની ક્રિયા થાય તે આત્માનું કાર્ય નથી, તે પરમાણુનું કાર્ય છે. કોઈ પણ સમયે પરમાણુનું જે કર્મ થાય તે પરમાણુનું જ કાર્ય છે, તેનો કર્તા અન્ય દ્રવ્ય નથી.

દરેક પરિણામ તે તે દ્રવ્યનું કાર્ય છે. એ પરિણામના આશ્રયભૂત તે તે દ્રવ્ય છે. વિકારનો આશ્રય જીવ છે. જીવના આશ્રયે વિકાર થાય છે, કર્મના લઈને વિકાર થતો નથી. કેમકે તે તે દ્રવ્યના આશ્રયે તે તે પરિણામ થાય છે. તે તે પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીના જ છે. વિકારના પરિણામ પરિણામી આત્માના આશ્રયે જ છે તથા ધર્મના પરિણામ પણ આત્માના આશ્રયે થાય છે. છ–પ્રકારના નિમિત્તથી જ્ઞાનાવરણાદિ કર્મ બંધાય છે, તે જ્ઞાનાવરણાદિ કર્મ પુદ્ગલના આશ્રયે થાય છે.

અહીં વિકારના પરિણામને દ્રવ્યના આશ્રયે કહ્યા છે. આત્મા આનંદસ્વરૂપ છે અને તેના આશ્રયે દુઃખ થાય એમ અહીં કહેવું છે. કેમ?–કે એ પરિણામનો કર્તા પરદ્રવ્ય નથી તેથી તે પોતાના આશ્રયે થાય છે. ખરેખર તો દુઃખના પરિણામનો આશ્રય તે પરિણામ પોતે જ છે પણ અહીં પરદ્રવ્ય તેનો આશ્રય નથી માટે સ્વદ્રવ્ય પોતે વિકારનો આશ્રય છે તેમ કહેવું છે.

સાંભળતા જે પરિણામ થાય એ પરિણામ આત્માના આશ્રયે છે, વાણીના આશ્રયે જ્ઞાનના પરિણામ થયા નથી. ભગવાનની પ્રતિમાના દર્શન થતાં જે શુભભાવ થાય તે આત્માના આશ્રયે થાય છે ભગવાનની પ્રતિમાના આશ્રયે એ શુભ પરિણામ થતાં નથી. અને પરિણામ કર્તા વિના હોતા નથી. અહીં પરસત્તાનું અવલંબન નથી પણ પોતાની સત્તાનું અવલંબન છે. એ ન્યાયે વિકારનો આશ્રય–આવલંબન આત્મા છે. દરેક પદાર્થના પરિણામમાં પરિણામ પોતે કાર્ય હોવા છતાં એ પરિણામ કર્તા વિના ન હોય.

લોકોને એમ લાગે કે અગ્નિ આવી માટે પાણી ગરમ થયું. પણ કહે છે કે ના, પહેલી ઠંડી અવસ્થા હતી તે બદલીને ગરમ થઈ કેમ કે વસ્તુની અવસ્થા એકરૂપ રહેતી નથી. તેથી ઠંડામાંથી ગરમ અવસ્થા થઈ છે. લાકડીને કોઈ વાળે છે, તો એ શું થયું? કે–એ કાર્ય છે, તે પોતાના દ્રવ્યના આશ્રયે છે. તેનો કર્તા તેનું દ્રવ્ય છે. એમ કેમ થયું?–કે પદાર્થની અવસ્થા એકરૂપ રહેતી નથી તેથી લાકડી વળી છે. વસ્તુની સ્થિતિ એકરૂપ રહેતી નથી પણ ભિન્ન ભિન્ન અવસ્થા થાય છે.

તે તે સમયના પરિણામ તે તે દ્રવ્યનું કાર્ય છે, તેના દ્રવ્યના આશ્રયે તે પરિણામ થયા છે ને તે દ્રવ્ય ને તે દ્રવ્ય તેનો કર્તા છે. તથા તે દ્રવ્યની અવસ્થા એકરૂપ રહેતી નથી તેથી બીજી અવસ્થા થઈ છે, તે બીજી અવસ્થા પરના લીધે થઈ જ નથી. ઘરે પરિણામ બીજા હતા ને મંદિરે આવતા બીજા પરિણામ થયા તેનું કારણ મંદિર છે ને? –કે ના, પરિણામ એકરૂપ રહેતાં ન હોવાથી બીજા પરિણામ થયા છે. મંદિરના કારણે તે પરિણામ બિલકુલ થયા જ નથી. પરિણામની સ્થિતિ એકરૂપ રહેતી નથી તેથી અવસ્થા બદલે છે. નિમિત્તના લઈને અવસ્થા બદલે છે તેમ નથી. અવસ્થા પલટવાનો તે કાળ હતો માટે અવસ્થા પલટી છે. તેનો જન્મક્ષણ હતો માટે તે અવસ્થા ઉત્પન્ન થઈ છે.

જીવે દયાના ભાવ કર્યા ત્યારે શાતા વેદનીયના કર્મ બંધાય ને? ફોટો પાડે છે ત્યારે સામા પદાર્થને લઈને ફોટો પડે છે ને?—કે ના, ફોટાના પરિણામની યોગ્યતાથી ફોટો તે રીતે થયો છે. બદલવાનો પોતાનો પરિણમન સ્વભાવ છે, નિમિત્તને આધીન પરિણામનું બદલવું થયું નથી, કેમ કે પરિણમનનો તે સ્વકાળ હોવાથી તે પરિણામ થાય છે, નિમિત્તને લઈને થયા નથી.

શાસ્ત્રોને પગે લાગે છે ત્યાં શાસ્ત્રના લઈને તે પરિણામ થયાં નથી, પરિણામની

તે સ્થિતિનો તે સ્વકાળ હોવાથી તે પરિણામ થયા છે. ખરેખર તો પર્યાયની તાકાતથી તે પર્યાય થઈ છે. પરના કારણે તે પરિણામ થયા છે તેમ નથી. પણ તે પરિણામનો જન્મક્ષણ હતો માટે થયા છે. રાગના પરિણામ સ્ત્રીને લઈને થયા છે કે શુભભાવના પરિણામ ભગવાનના દર્શનને લઈને થયા છે તેમ નથી.

એ રીતે વસ્તુ પોતે જ પોતાના પરિણામનો કર્તા છે એ સિદ્ધાંત છે. આ એક શ્લોક થયો પણ એક શ્લોકમાં તો કેટલું બધું ભર્યું છે! કેવળજ્ઞાનના પરિણામનો આશ્રય દ્રવ્ય છે, દ્રવ્યના–આત્માના લઈને કેવળજ્ઞાન થયું છે પણ કર્મના ખસવાથી કેવળજ્ઞાન થયું છે તેમ નથી. જ્ઞાનની હાનિ–વૃદ્ધિ જ્ઞાનાવરણીને લઈને થઈ જ નથી, કેમ કે જ્ઞાનનું વધવું–ઘટવું તે કાર્ય છે, તેનો કર્તા જીવ–દ્રવ્ય છે, જ્ઞાનાવરણી તેનો કર્તા નથી—એવો સિદ્ધાંત છે.

## * ગુરુદેવે જે બતાવ્યું છે તે જ કરવા જેવું છે *

* શુભાશુભ ભાવમાં આકુળતા છે. ચૈતન્ય તરફ જાય તો જીવને શાંતિ અને આનંદ છે. ત્યાં અનંત જ્ઞાન તેમ જ અનંત આનંદ ભરેલો છે. તે આનંદ અંદરમાંથી પ્રગટ થયા જ કરે છે. જો સ્વમાં દૃષ્ટિ કરે, જ્ઞાન કરે અને લીનતા કરે તો તે પ્રગટ થયા વિના રહેતો જ નથી. શુભાશુભ ભાવનો આશ્રય છોડી ચૈતન્યનો આશ્રય લેવો તે જ ગુરુદેવે બતાવ્યું છે. ગુરુદેવે ઘણું સ્પષ્ટ કરીને બતાવ્યું છે કે સ્વાનુભૂતિનો માર્ગ જ મુક્તિનો માર્ગ છે અને તે જ સુખનો ઉપાય છે. બસ, આ જ એક કરવા જેવું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે, હું તો તેમનો દાસ છું. ગુરુદેવે જે બતાવ્યું છે તે જ કરવા જેવું છે. ગુરુદેવે આ મુમુક્ષુસમાજ ઉપર અપાર ઉપકાર કર્યો છે. દેવ–શાસ્ત્ર–ગુરુના મહિમાપૂર્વક ચૈતન્યની પરિણતિ અંદરથી પ્રગટ કરવી જોઈએ. અંદરમાં પુરુષાર્થ—માત્ર વિચારરૂપ નહિ કિંતુ અંદરથી જે પ્રગટ થાય તે—કરવા જેવો છે. જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયકનો પુરુષાર્થ અને તેની સ્વાનુભૂતિ જ પ્રગટ કરવા જેવું છે.

—પૂજ્ય બહેનશ્રી

—o—

પુદ્‌ગલદ્રવ્ય વડે અંતર્વ્યાપક થઈને કરવામાં આવતાં

# રાગાદિનો જ્ઞાતા તે જ્ઞાની

જ્ઞાનીને જે રાગ–દ્વેષ થતા દેખાય છે તેને જ્ઞાની કરતો નથી પણ પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્રપણે વ્યાપક થઈને પુણ્ય–પાપના પરિણામને કરે છે. જેમ માટી ઘડામાં અંતર્વ્યાપક થઈને ઘડાને કરે છે તેમ જ્ઞાની ધર્માત્માને દેખાતા–થતા ભક્તિ–પૂજા, વ્રત–તપ આદિ રાગના પરિણામમાં પુદ્‌ગલદ્રવ્ય અંતર્વ્યાપક થઈને રાગાદિ પરિણામને કરે છે. રાગાદિ પરિણામને અને આત્માને, ઘડો અને કુંભારની જેમ, વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી રાગાદિમાં ધર્મી જીવ વ્યાપક થઈને કર્તા થતો નથી. આહાહા! જ્ઞાનીની અંતરદશા અદ્‌ભુત છે. સર્વજ્ઞદેવની દિવ્યધ્વનિનું આ કથન છે, જે કોઈ જ્ઞાની થાય તેના દયા–દાન, પૂજા–ભક્તિ, વ્રતાદિનો શુભરાગ એ પુદ્‌ગલદ્રવ્ય વડે સ્વયં થતાં હોવાથી પુદ્‌ગલદ્રવ્ય તેનો કર્તા છે, જ્ઞાની તેનો કર્તા નથી. ધર્મી જીવનું એ કાર્ય નથી. જ્ઞાનીને નબળાઈથી રાગ થાય છે—એમ પણ અહીં કહેવું નથી. પણ એ પુણ્ય–પાપના રાગાદિ પરિણામને પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્રપણે વ્યાપક થઈને કરે છે, જ્ઞાની કરતો નથી. જ્ઞાની જીવ તો માત્ર જાણે છે. આહાહા! આત્માના આનંદ સ્વભાવને અનુભવે છે તેની અંતર–દશા પલટી ગઈ છે. સ્વભાવદૃષ્ટિમાં રાગ આવતો નથી તેથી રાગના કાર્યને સ્વભાવથી જુદો પાડીને તેનો કર્તા દૃષ્ટિપ્રધાન કથનથી પુદ્‌ગલકર્મને કહ્યું અને જ્ઞાનપ્રધાન કથનમાં પ્રવચનસારની ૪૭ નયોના અધિકારમાં રાગના પરિણામ જીવમાં થતા હોવાથી જ્ઞાનીજીવને રાગનો કર્તા કહ્યો છે. પંચાસ્તિકાય ગાથા ૬૨માં કહ્યું છે કે દયા, દાન, ભક્તિ, કામ–ક્રોધાદિના શુભાશુભ પરિણામ થાય છે તેને કર્મની તો અપેક્ષા નથી પણ જીવદ્રવ્યની અપેક્ષા વિના રાગાદિ વિકાર પરિણામ પર્યાયના ષટ્‌કારકની ક્રિયાથી સ્વતંત્ર થાય છે. જ્યાં જે વિવક્ષાથી કથન હોય તે સમજવું જોઈએ. અહીં સમયસારમાં દૃષ્ટિપ્રધાન કથનમાં તો રાગને અને આત્માને, ઘડો અને કુંભારની, જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી ધર્મીજીવ રાગનો કર્તા નથી. આહાહા! ગજબ વાત કરી છે. સમયસાર એ તો સમયસાર જ છે. જગતના ભાગ્ય કે આવું શાસ્ત્ર રહી ગયું! —પૂજ્ય ગુરુદેવશ્રી

## વૈરાગ્ય સમાચાર :

* વિંછીયાનિવાસી (હાલ ઘાટકોપર) શ્રી હિંમતલાલ કસ્તુરચંદ ઘોળકીયા (વર્ષ-૭૬) તા. ૨૮-૮-૮૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લંડન મુકામે શ્રી લાલજીભાઈ કચરાભાઈ શાહ (તે શ્રી ભગવાનજીભાઈના ભાઈ) તા. ૧૫-૯-૮૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ૧૯૬૧ થી પૂજ્ય ગુરુદેવશ્રીના સત્ સમાગમ પામ્યા હતા ને ત્યાર બાદ અવાર-નવાર પૂજ્ય ગુરુદેવશ્રીનો લાભ લેતા હતા. તેઓએ અંતિમ સમય સુધી પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃતોનું શ્રવણ કરતાં કરતાં દેહ છોડયો હતો.

* ઘાટકોપરનિવાસી શ્રી બેનકુંવરબેન જયંતીલાલ ભણસાલી (શ્રી ઉજમબેન ચુનીલાલ ભણસાલીના દિકરી) (વર્ષ-૭૮) તા. ૧૭-૯-૮૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ વર્ષો સુધી સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપનાશક અધ્યાત્મ-અમૃતવાણીના શ્રવણનો લાભ લીધો હતો.

* સોનગઢનિવાસી શ્રી રંભાબેન હીરાચંદ દામાણી (વર્ષ-૯૧) તા. ૧૭-૯-૮૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. સ્થાનકવાની સંપ્રદાયનો ત્યાગ કરીને કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીએ શ્રી હીરાચંદભાઈ દામાણીના મકાન 'સ્ટાર ઓફ ઇન્ડિયા'માં પધરામણી કરી ત્યારથી તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીના આહારદાન અને સત્ શ્રવણ આદિનો ઘણો જ લાભ લીધો હતો.

* મોરબીનિવાસી (હાલ સીકંદરાબાદ) શ્રી હસમુખરાય ફુલચંદ દોશી (વર્ષ-૫૦) તા. ૨૯-૯-૮૭ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ શુદ્ધાત્માના ઉપદેશની ભાવના ભાવતાં ભાવતાં (હાર્ટફેઇલ થવાથી) સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—*—

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પવિત્ર તીર્થભૂમિ સોનગઢ—ભરતક્ષેત્રનું વિદેહધામ—પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત અધ્યાત્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની દેવ-ગુરુભક્તિભીની તેમ જ અધ્યાત્મરસપ્રધાન શીતલ છાયામાં નિયમિત અધ્યાત્મતત્ત્વપ્રમુખ ધાર્મિક કાર્યક્રમ તેમ જ વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રતિ ભક્તિભાવસ્યન્દી અનેકવિધ અવસરોથી સદાય ગૂંજતું રહે છે. પ્રાતઃ શ્રી જિનેન્દ્રપૂજા બાદ પૂજ્ય ગુરુદેવશ્રીના 'શ્રી નિયમસાર' ઉપર તેમ જ સાંજે 'શ્રી નાટક સમયસાર' ઉપર અધ્યાત્મરહસ્યભરપૂર ટેપ–પ્રવચન, બપોરે 'શ્રી સમયસાર' ઉપર બ્ર૦ શ્રી ચંદુભાઈનું શાસ્ત્રવાંચન તેમ જ જિનેન્દ્રભક્તિ, સવારના ટેપ–પ્રવચન પછી પુરુષો માટે 'મોક્ષમાર્ગપ્રકાશક' ઉપર શિક્ષણવર્ગ, રાત્રે (શ્રી ગોગાદેવી બ્ર. આશ્રમમાં) બ્ર. બહેનો દ્વારા મહિલા-શાસ્ત્રસભા ઇત્યાદિ ક્રમ બરાબર ચાલે છે.

* સુવર્ણપુરીની અનુપમ શોભા, દેશનાલબ્ધિનું એકમાત્ર સાધન સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન સ્વાત્મસાધના સહિત સુખરૂપ બિરાજમાન છે, શારીરિક સ્વાસ્થ્ય ઠીક છે, સમાગત મહેમાનો તેમ જ સ્થાનિક મુમુક્ષુઓને તેમના દર્શન તથા તેમના સ્વાનુભવરસભીના અધ્યાત્મ—અમૃતનો પણ અનુપમ લાભ મળે છે.

* દશલક્ષણ-પર્યુષણપર્વમાં મંડલ-વિધાન-પૂજા (૧) શ્રી રમણીકલાલ નથુભાઈ મહેતા—જામનગર, (૨) શ્રી મહેન્દ્રકુમાર ચત્રભુજ કોઠારી (હસ્તે નવલકુંવરબેન) અમરાવતી, (૩) સ્વ. પ્રભાવતીબેન શીતલસા—ખંડવા, (૪) સ્વ. રિખબદાસજી જૈન—દાદર, (૩) શ્રી લલિતાબેન દલીચંદભાઈ ખારા—સોનગઢ, (૬) શ્રી ચંદ્રકાંતભાઈ ઉજમશી મહેતા—મુંબઈ તરફથી રાખવામાં આવી હતી.

* પ્રતિવર્ષ અનુસાર આ વર્ષે પણ 'શ્રી મહાવીર-નિર્વાણ' નિમિત્તે દીપાવલીના મંગલ અવસરે સાધના તીર્થ શ્રી સુવર્ણપુરીમાં આસો વદ ૧૧ થી અમાસ સુધી— તા. ૧૮–૧૦–૮૭ થી તા. ૨૨–૧૦–૮૭—પાંચ દિવસનો 'શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણક' પૂજા—સમારોહ રાખવામાં આવ્યો છે. દીપાવલી—મહોત્સવ તેમ જ 'શ્રી જિનેન્દ્ર-પંચકલ્યાણક' પૂજા—સમારોહનો લાભ લેવા માટે દર વર્ષે બહારગામથી પણ અનેક મુમુક્ષુઓ આવે છે.

—૦—

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિ દિન પ્રસંગે સોનગઢમાં પાંચ દિવસનો

# 卐 ધાર્મિક કાર્યક્રમ 卐

સમયસાર યુગપ્રવર્તક આપણા પરમ તારણહાર, પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પુણ્ય-સમાધિનો સાતમો વાર્ષિક દિન વિ. સં. ૨૦૪૪, કારતક વદ ૭, ગુરુવાર, તા. ૧૨-૧૧-૮૭ના રોજ છે. પરમ કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૮-૧૧-૮૭, રવિવાર થી તા. ૧૨-૧૧-૮૭, ગુરુવાર-એમ પાંચ દિવસ સુધી 'ધાર્મિક કાર્યક્રમ'—શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, જિનેન્દ્ર તેમ જ ગુરુભક્તિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસ ઝરતા ટેપ તથા વિડિયો પ્રવચન અને સમાગત વિદ્વાનોના શાસ્ત્ર-પ્રવચન વગેરે વિવિધ કાર્યક્રમ—યોજવામાં આવ્યા છે.

અધ્યાત્મજ્ઞાનવૈરાગ્ય તેમ જ ગુરુભક્તિનો લાભ લેવા માટે આ અવસરે ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું હાર્દિક આમંત્રણ છે. આ પ્રસંગે પધારવાથી આપ સર્વેને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિમાં બિરાજમાન શ્રી જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિનો તથા પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં દર્શન વગેરેનો પણ અમૂલ્ય લાભ મળશે. *

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સત્પ્રભાવથી તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના મંગલ આશીષથી સુરત શહેરમાં (ગુજરાત), ત્યાંના મુમુક્ષુમંડળ તરફથી 'પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી પ્રેરિત શ્રી સીમંધરસ્વામી દિ. જિનમંદિર'ના નવનિર્માણનો પ્રારંભ થઈ ગયો છે. આ નિર્માણાધીન નૂતન જિનમંદિરની શિલાન્યાસવિધિ—પરમાગમ સમયસારનો ગુજરાતી-અનુવાદ સુરતમાં સમ્પન્ન કરીને ત્યાંની ભૂમિને ધન્ય બનાવનાર, કુંદકુંદ-પંચપરમાગમ મર્મવિદ્, અધ્યાત્મરસરસિક આપણા આદરણીય પંડિતજી શ્રી હિંમતભાઈ જે. શાહની જિનેન્દ્રભક્તિરસભીની સમુપસ્થિતિમાં—શ્રી વ્રજલાલ ભાઈલાલ ડેલીવાળા તેમ જ તેમના પરિવારના શુભ હસ્તે વિજયાદશમીના દિવસે અત્યંત આનંદોલ્લાસપૂર્વક સમ્પન્ન થઈ. ઘાટકોપર, મલાડ, રાજકોટ, વઢવાણ, સોનગઢ, અમદાવાદ આદિ અનેક ગામોથી લગભગ ૩૦૦ થી વધુ મહેમાન આવ્યા હતા. આ શુભાવસરે સુરત-મુમુક્ષુમંડળને રૂા. ૧,૧૧,૦૦૦/-ની આવક થઈ હતી. મંદિરનિર્માણકાર્ય શીઘ્ર પૂર્ણ કરીને આગામી વૈશાખ માસમાં વેદીપ્રતિષ્ઠા કરવાની ત્યાંના મંડળની ભાવના છે.

—૦—

# 卐 નૂતનવર્ષના ગુરુ-આશીર્વચનો 卐

* જિજ્ઞાસુને પહેલાં એવો નિર્ણય હોય કે હું મોક્ષ પામવાને લાયક જ છું. શંકાને સ્થાન ન હોય. મોળી-પાતળી વાત આત્માને માટે ન કરવી. અનંત ગુણોથી સમૃદ્ધ પોતે છે તેને જોવો. તું જ દેવાધિદેવ છો તેમ લેવું.

* સિદ્ધનગરમાં અનંતા સિદ્ધો બિરાજે છે. તેઓએ પહેલાં બહારથી નજર સંકેલીને અંદરનો વિસ્તાર કર્યો હતો તું પણ બહારથી સંકેલો કરી નાખ. હું તો પૂરણ અભેદ પરમાત્મા જ છું, મારે ને પરમાત્માને કાંઈ ફેર નથી—એમ ફેર કાઢી નાખનારને ફેર છૂટી જશે. આહાહા! દિગંબર સંતોની કથન-શૈલી અલૌકિક છે.

* ભાઈ! એકવાર હરખ તો લાવ કે અહો! મારો આત્મા આવો પરમાત્મ-સ્વરૂપ છે, જ્ઞાનાનંદની શક્તિથી ભરેલો છે, મારા આત્માની તાકાત હણાઈ ગઈ નથી. "અરેરે! હું હીણો થઈ ગયો, વિકારી થઈ ગયો...હવે મારું શું થશે!" એમ ડર નહિ, મુંઝા નહિ, હતાશ થા નહિ...એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ...સ્વભાવનો મહિમા લાવીને તારી તાકાતને ઉછાળ. —*—

—પૂજ્ય ગુરુદેવ

Licence No. 3 'Licensed to post without prepayment'

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂ. ૯/- પ્રત : ૩૩૫૦

356 A Kantaben M. Ajmera
Modi No 2
Sita Burdy
NAGPUR 440012